આજનો સુવિચાર

મૃત્યુ પછી આપેલા વખાણ અને દિલના દુઃખ પછી માંગેલી માફી, આ બંનેનું કોઈ મહત્વ નથી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૯૨ જૂનાગઢ તા.૨૮-૧૧-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 292, Junagadh : Date : 28 November, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# માવઠા બાદ સૌરાષ્ટ્રમાં ગાઢ ધુમ્મસ છવાયું : હાઈવે પર વાહનો અટકયા

રાજકોટ તા. ૨૮

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આજે ગાઢ ધુમ્મસ છવાયું હતું. સવારના નવ વાગ્યા સુધી સૂર્યનારાયણનાં દર્શન થયાં ન હતાં. ૧૦૦ ફૂટ દૂર કંઈપણ દેખાય નહીં તેટલા ગાઢ ધુમ્મસને કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી હતી. પાર્કિંગ લાઈટ તેમજ હેડલાઈટ ચાલુ રાખવાની ફરજ પડી હતી. જ્યારે હાઈવે પર કેટલાંક વાહનો તો સાઈડમાં પાર્ક કરાયેલાં જોવા મળ્યાં હતાં. ગુજરાતમાં પડેલા કમોસમી વરસાદ બાદ ઠંડીનું જોર વધ્યું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા એકાએક ઠંડીમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. નલિયા રાજ્યનું સૌથી શીત શહેર બની રહ્યું છે. કચ્છથી સૌરાષ્ટ્ર સુધીમાં રવિવારે પડેલા કમોસમી વરસાદ બાદ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. બે દિવસથી ઠંડીના પ્રમાણમાં વધારો નોંધાયો છે. ગુજરાતમાં કરા સાથે પડેલું માવઠું અને હવે ગાઢ ધુમ્મસના કારણે ખેડૂતોમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે. કારણ કે, ખેતરમાં જીરાના પાકને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. હાઈવે પર ગાઢ ધુમ્મસથી વાહનચાલકોની સ્પીડ પર બ્રેક લાગી ગઈ હતી અને ગાડી ધીમી ચલાવવી પડી હતી. તેમજ પાર્કિંગ લાઈટ, હેડલાઈટ ચાલુ રાખીને વાહન ચલાવવું પડ્યું હતું. સવારે ૯ વાગ્યા સુધી સતત ધુમ્મસનું વાતાવરણ હતું. ગાઢ ધુમ્મસના કારણે દૂર સુધી કંઈ દેખાતું ન હતું. ધુમ્મસના કારણે કેટલાંક વાહનો સાઈડમાં પાર્ક કરીને ઊભેલાં જોવા મળ્યાં હતાં.

## ઈઝરાયલ - હમાસ વચ્ચે વધુ બે દિવસનું યુધ્ધ વિરામ

તેલઅવીવ તા. ૨૮ : કતારની મધ્યસ્થીથી ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામની અવધિ વધુ બે દિવસ લંબાવવામાં આવી છે. બંને પક્ષો વચ્ચે ચાર દિવસીય યુદ્ધવિરામ સોમવારે રાત્રે સમાપ્ત થઈ રહ્યો હતો પરંતુ હવે તેને વધુ બે દિવસ લંબાવવામાં આવ્યો છે.

તે સાથે વર્તમાન યુદ્ધવિરામ હેઠળ મુક્ત કરવામાં આવનાર બંધકોની નવી યાદી પણ તૈયાર કરવામાં આવી છે. કતારના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ સોશિયલ મીડિયા પર કહ્યું કે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે હાલના યુદ્ધવિરામની અવધિ વધુ બે દિવસ લંબાવવામાં આવી છે. અત્યાર સુધીમાં હમાસે યુદ્ધવિરામ હેઠળ ૫૮ બંધકોને મુક્ત કર્યા છે. તેમાંથી ૨૪ ઈઝરાયેલી બંધકો હતા. ગત શુક્રવારથી બંને પક્ષો વચ્ચે ચાર દિવસીય યુદ્ધવિરામ શરૂ થયો હતો. આ યુદ્ધવિરામ હેઠળ હમાસે પ્રથમ બેચમાં ૨૫ બંધકોને મુક્ત કર્યા હતા. જેમાં ઈઝરાયેલના ૧૩ અને થાઈલેન્ડના ૧૨ નાગરિકો સામેલ હતા. થાઈલેન્ડના વડા પ્રધાન શ્રેથા થવિસિને પણ આ વાતની પુષ્ટિ કરી હતી. યુએસ પ્રમુખ જો બિડેને બંધકોની મુક્તિ માટે યુદ્ધવિરામનો સમયગાળો વધુ બે દિવસ લંબાવવાનું સમર્થન કર્યું છે.

## રાજકોટમાં ડિસેમ્બરનાં અંત સુધી સંપૂર્ણ સુવિધાયુકત એઈમ્સ શરૂ થઈ જશે

રાજકોટ તા. ૨૮ : રાજકોટવાસીઓ અને સમગ્ર સૌરાષ્ટ્રવાસીઓ માટે આનંદના સમાચાર છે. રાજકોટમાં નિર્માણ પામેલી એઈમ્સ હોસ્પીટલ "ફુલ ફલેજડ" તૈયાર થઈ ગઈ છે અને ડિસેમ્બરના અંતથી ૨૫૦ બેડની સુવિધા સાથે તે શરૂ થશે તેથી સૌરાષ્ટ્રના ૧૨ જીલ્લાના દર્દીઓએ મલ્ટી સ્પેશ્યાલીટી સારવાર માટે હવે અમદાવાદ જવું નહિ પડે. રાજકોટમાં ૧૨૦૦ કરોડના ખર્ચે એઈમ્સનું કામકાજ ૧ વર્ષના વિલંબ બાદ હવે શરૂ થઈ રહ્યું છે.

નવા વર્ષમાં રાજકોટ એઈમ્સ ફુલ ફલેજડ કામ કરતી થઈ જશે જો કે એક વર્ષના વિલંબ પછી પણ તેની નકકી કરેલ ક્ષમતા ૭૫૦ બેડના એક તૃત્યાંશ જેટલી જ ચાલુ થશે. રાજકોટમાં નિર્મિત એઈમ્સ ડીસેમ્બરના છેલ્લા સપ્તાહમાં ૨૫૦ બેડ સાથે શરૂ થશે. માહિતગાર સુત્રોએ જણાવ્યું કે આગામી મહિનામાં ઉદ્દ્ઘાટન માટેની તારીખ મેળવવા આરોગ્ય મંત્રાલયે પીએમઓનો સંપર્ક કર્યો છે.

## ઉત્તરકાશીમાં ટનલમાં ફસાયેલા મજુરોને બચાવવા અવિરત પ્રયાસો : આજે સફળતા મળવાની શકયતા



(દિલ્હી બ્યુરો) ઉત્તરકાશી તા. ૨૮

ગત ૧૨ નવેમ્બરથી ઉત્તરાખંડના સિલ્ક્યારા-ડંડલગામ ટનલમાં ફસાયેલા ૪૧ મજૂરોને બચાવવાના પ્રયાસો ઝડપી બનાવાયા છે. વર્ટિકલ અને હોરિઝોન્ટલ ડ્રિલિંગ એકસાથે કરવામાં આવી રહ્યું છે. નિષ્ણાતોના મતે અત્યાર સુધી સારા પરિણામો મળ્યા છે, જો બધુ બરાબર રહ્યું તો આગામી ૨૪ કલાકમાં સારા સમાચાર મળી શકે છે. દરમિયાન વડાપ્રધાન મોદીએ સોમવારે સાંજે દેશવાસીઓને ઉત્તરકાશીની ટનલમાં ફસાયેલા મજૂરો માટે પ્રાર્થના કરવાની અપીલ કરી હતી.

ટનલની ઉપરથી ૪૦ મીટર સુધી વર્ટિકલ ડ્રિલિંગ કરવામાં આવ્યું છે. હવે વધુ ૪૬ મીટર કરવાનું છે. મજુરો સુધી પહોંચવા માટે ૮૬ મીટરનું વર્ટિકલ ડ્રિલિંગ કરવું પડશે. બીજી તરફ, રેટ માઈનર્સને પણ હોરિઝોન્ટલ ડ્રિલિંગમાં સફળતા મળી છે. સોમવારે સાંજથી લગભગ ૨ મીટર મેન્યુઅલ ડ્રિલિંગ કરવામાં આવ્યું છે.

બીજી તરફ હવામાન વિભાગે આગામી ૨૪ કલાક દરમિયાન ઉત્તરાખંડમાં કરા સાથે વરસાદ પડવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે હવામાનમાં ફેરફારને કારણે રેસ્ક્યુમાં મુશ્કેલીઓ પડી શકે છે.

## પસંદગીની વ્યકિત સાથે લગ્ન કરવાનો અમિટ અધિકાર : પરીવાર વાંધો લઈ શકે નહી : દિલ્હી હાઈકોર્ટ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૨૮ : પસંદગીની વ્યકિત સાથે લગ્ન કરવાના અધિકારને બંધારણનું સંરક્ષણ પ્રાપ્ત છે અને પરિવારના સભ્યો પણ આવા લગ્ન સામે વાંધો લઈ શકે નહીં. દિલ્હી હાઈકોર્ટે લગ્ન પછી ધમકીઓનો સામનો કરી રહેલા દંપતિને પોલીસ રક્ષણનો ચુકાદો આપતી વખતે ટિપ્પણી કરી હતી. ચુકાદામાં જજ તુષાર રાવ ગેડેલાએ ભારપૂર્વક જણાવ્યુ હતુ કે, 'સરકાર બંધારણ હેઠળ તેના નાગરિકોને રક્ષણ આપવા બંધાયેલી છે અને બંધારણીય કોર્ટ હોવાના નાતે દંપતિના બંધારણીય અધિકારોનું રક્ષણ કરવાની હાઈકોર્ટની ફરજ છે.' દંપતિ અને પરિવારના સભ્યો વચ્ચેના વિવાદમાં કોર્ટે કહ્યું હતુ કે, 'પસંદગીના વ્યકિત સાથે લગ્ન કરવાનો અરજદારનો અધિકાર અમીટ છે અને તેને બંધારણનું રક્ષણ પ્રાપ્ત છે. કોઈ પણ સ્થિતિમાં તેના અધિકાર સાથે સમાધાન થઈ શકે નહીં. લગ્ન કરનાર દંપતિ પુખ્ય વયના છે. આવા સંબંધ અને અરજદારો વચ્ચેના લગ્ન સામે પરિવારના સભ્યો સહિત કોઈ પણ વાંધો લઈ શકે નહીં.'

લગ્ન કરનાર દંપતિએ કોર્ટને જણાવ્યુ હતુ કે, માતાપિતાની ઈચ્છા વિરૂધ્ધ તેમણે એપ્રિલમાં લગ્ન કર્યા હતા. પરિવારના સભ્યો અને ખાસ કરીને કન્યાની માતા દ્વારા મળતી ધમકીઓ વચ્ચે બંને સાથે રહે છે. કોર્ટે બંને અરજદારોને રક્ષણ આપવાનો આદેશ કર્યો હતો અને તેમને કન્યાના પરિવારના સભ્યો તરફથી કોઈ ક્ષતિ ન થાય તે નિશ્ચિત કરવા કહ્યું હતું. પોલીસ અધિકારીને સમયાંતરે દંપતિની કાળજી રાખવા નિર્દેશ કરાયો હતો.

## મધ્યપ્રદેશમાં મતગણતરી પૂર્વે જ પોસ્ટલ બેલેટની હેરાફેરીનો વિડીયો વાયરલ : ચૂંટણીપંચમાં ફરીયાદ


(દિલ્હી બ્યુરો) ભોપાલ, તા.૨૮

મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીનું પરિણામ ૩ ડિસેમ્બર રવિવારે આવવાનું છે. આ દિવસે નક્કી થશે કે રાજયમાં ભાજપની સરકાર રહેશે કે પછી કોંગ્રેસ સત્તામાં પરત ફરશે. પરંતુ, પરિણામ પહેલા સોશિયલ મીડિયા પર એક વીડિયો ખૂબજ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોને પૂર્વ સીએમ કોંગ્રેસ નેતા કમલનાથે પોતાના પૂર્વ (ટિવટર) હેન્ડલ પર પણ શેર કર્યો છે. એવું જોવા મળે છે કે કેટલાક લોકો સ્ટ્રોંગ રૂમમાંથી પોસ્ટલ વોટ કાઢીને ગણતરી કરતા જોવા મળી રહ્યા છે. વીડિયો બાલાઘાટનો હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે બાલાઘાટના કલેકટર ડો.ગિરીશકુમાર મિશ્રાએ સ્ટ્રોંગ રૂમમાંથી પોસ્ટલ મતો કાઢીને પોસ્ટલ મતોની હેરાફેરી કરી છે. કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણી પંચ પાસે માંગ કરી છે કે, આ કૃત્યમાં શામેલ બાલાઘાટના કલેકટર ગિરીશ કુમાર મિશ્રા સહિત કર્મચારીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવે. વાસ્તવમાં ચૂંટણી પંચના કાર્ય પ્રભારી જે.પી. ધનોપિયાએ જણાવ્યું હતું કે, પ્રદેશ કોંગ્રેસને બાલાઘાટથી માહિતી મળી હતી કે બાલાઘાટના કલેકટર ડો.ગિરીશકુમાર મિશ્રાએ સ્ટ્રોંગ રૂમમાંથી પોસ્ટલ મતો કાઢીને પોસ્ટલ મતોની હેરાફેરી કરવાનું અનધિકૃત કૃત્ય કર્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બાલાઘાટના કોંગ્રેસના ઉમેદવારે વીડિયો મોકલીને ફરિયાદ મોકલી છે.

જેમાં બાલાઘાટ જિલ્લાના તમામ વિધાનસભા મત વિસ્તારના કર્મચારીઓ દ્વારા કલેકટર બાલાઘાટ દ્વારા આપવામાં આવેલા પોસ્ટલ વોટ, ટ્રેઝરીના સ્ટ્રોંગ રૂમમાં પોલીસ પ્રોટેકશનમાં રાખવામાં આવેલા પોસ્ટલ વોટ, ૩ ડિસેમ્બરના રોજ મતગણતરીના દિવસ પહેલા અનઅધિકૃત રીતે ખોલી નાખવામાં આવ્યા છે અને પોસ્ટલ વોટ કાઢીને કર્મચારીઓને સોંપવામાં આવ્યા છે. જેમાં કર્મચારીઓ દ્વારા મરજી મુજબ છેડછાડ કરવામાં આવી રહી છે. કર્મચારીઓ પાસેથી ઉપરોક્ત પોસ્ટલ વોટ સોંપીને શંકાસ્પદ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ઉક્ત ઘટનાનો વીડિયો ચૂંટણી પંચને સુપરત કરવામાં આવ્યો છે.

## તાપમાનમાં ભારે બદલાવને પગલે વિશ્વમાં મૃત્યુદરનું પ્રમાણ વધ્યું



નવી દિલ્હી,તા.૨૮

ગુજરાત સહિતના રાજયોમાં શિયાળામાં માવઠા વરસ્યા છે. તાપમાનમાં મોટો ચઢાવ ઉતાર છે. કલાયમેટ ચેન્જની અસરથી તાપમાનમાં મોટો બદલાવ થઈ રહ્યા છે અને તે ઘાતક છે. આ ઘટનાક્રમથી બિમારી અને મૃત્યુદર વધી રહ્યો છે. યુરોપના ૧૬ દેશોના ૧૪૭ ક્ષેત્રોમાં તાપમાનના ફેરફાર તથા મૃત્યુદર વિશે અભ્યાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે


મહાયોગી વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫

હોટેલ ગ્રીનલેન્ડ
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND | ઠાકરથાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ ● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

"2023 ભારત સરકાર દ્વારા નવા નિયમ મુજબ"
CNG સિલિન્ડરનું રીટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર ફરજીયાત આવવું પડશે કેમ કે ?..
એ. એસ. ઓટો ગેસ
(સરકાર માન્ય (PESO) ટેસ્ટીંગ પ્લાન્ટ)
ખામધ્રોળ ચોકડી, ટોરેન્ટ CNG પંપની બાજુમાં, જુનાગઢ
(૧) ટેસ્ટીંગ પ્લાન્ટ ઉપર ગાડી નંબર પ્લેટ ફોટો સ્ટાફ સાથે પડશે
(૨) સિલિન્ડરનો ફોટો સ્ટાફ સાથે પડશે ઉપરોકત બન્ને ફોટા આપના સર્ટીફીકેટમાં આવશે.
જેમ "P.U.C." માટે સ્ટેશન ઉપર જવુ પડે તેમ ટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર આવવું ફરજીયાત છે.
ટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર આવો સમય - રૂપિયાની બચત કરો
A. S. AUTO GAS
96383 23542 / 98984 48644

P.K. VADSARIYA (Pyarubhai)
09426558708
09824256369
07698632214
Hotel Green Park
RESORT - SASAN GIR
A Meal to Cherish A Place to Enjoy
JUNAGADH-SASAN ROAD, VILLAGE, BHALCHHEL (SASAN-GIR)
DIST. JUNAGADH. (GUJARAT)-362 135
e-mail : hotelgreenpark1@gmail.com
Website : www.hotelgreenparksasangir.com
AMENITIES
■ AC Deluxe Rooms
■ AC Super Deluxe Rooms
■ Pure Veg. AC Restaurant
■ Swimming Pool
■ Conference Hall
■ Children Play Area
■ Party Plot
■ Destination Wedding Arrangement

ખોડલધામ ટુર
તા. ૧૫-૦૩-૨૦૨૪ થી ટુર ઉપડશે
સ્લીપર બસ દ્વારા
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મથુરભાઈ વાગડીયા
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

HOPE
DIABETES CLINIC AND RESEARCH CENTRE
ડો. દિપક ચુડાસમા
MBBS, PGDM, PhD Scholar
કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ
ડાયાબીટીસ કલીનીક
ડો. નિશિતા ચુડાસમા
BPT, MPT ortho, PhD Scholar
કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.
✓ ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
✓ ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસ સાથે બ્લડ પ્રેશર. કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.
ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...
● પગ મચકોડાઈ જવો ● ફેકચર ● ગરદનનો દુઃખાવો ● લકવો ● કમરનો દુઃખાવો ● સાંધાનો ઘસારો ● ફ્રોઝમ શોલ્ડર ● ચેતાતંતુને લગતી તકલીફ ● પોસ્ટ ઓપ T.K.R., T.H.R. ● સ્નાયુનો દુઃખાવો ● રમતમાં થતી ઈજા
હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં કુલ ૩૦૦૦નાં રીપોર્ટ માત્ર ૮૦૦માં કરી દેવામાં આવે છે
કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦
રજીસ્ટ્રેશન નંબર ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪
હવેથી નવું સરનામું નોંધી લેશો
૨૦૨, બીજો માળ, દાસારામ પ્રાઈમ-૨, સંકલ્પ હોટલની ઉપર, ફળદુ વાડીની બાજુમાં, ઝાંઝરડા - મધુરમ બાયપાસ રોડ, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# જાપાન બેન્ક ફોર ઈન્ટરનેશનલ કોર્પોરેશન-જે.બી.આઈ.સી.ના ચેરમેન સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બેઠક યોજી







ટોકયો તા.૨૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાપાન પ્રવાસના બીજા દિવસે વિવિધ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન અને ફાયનાન્શિયલ ઈન્સ્ટિટ્યુશન્સ સાથે બેઠકોનો દૌર કર્યો હતો.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ જાપાન બેક્ર ફોર ઈન્ટરનેશનલ કો-ઓપરેશનના ચેરમેન ટડાશી મેઈડા, ગવર્નર હયાશી નોબુમિત્સુ અને પદાધિકારીઓ સાથે બેઠક યોજી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જે.બી.આઈ.સી. અને ગુજરાત ઘણા સમયથી સહયોગી રહ્યા છે તેની વિગતો આપી હતી. જે.બી.આઈ.સી.ના ચેરમેનએ મુખ્યમંત્રી અને ડેલિગેશનનું સ્વાગત કર્યુ હતું અને જે.બી.આઈ.સી.ના રોકાણ સાથે નિપ્પોન સ્ટીલ સહિતના ભારતમાં ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટ્સની ચર્ચા કરી હતી.

ભારત સાથેની સહભાગીતાનો ઉલ્લેખ કરતા ચેરમેનએ કહ્યું કે જે.બી.આઈ.સી. માત્ર હાઈસ્પીડ રેલને જ નહીં, પણ ગ્રીન એમોનિયા, ગ્રીન હાઈડ્રોજન, વગેરે સેક્ટર્સને પણ ખૂબ મહત્વ આપી રહ્યું છે. ભારત સાથેની સહભાગીતાનો જાપાનીઝ કંપનીઓને ઘણો લાભ મળી રહ્યો છે. ધોલેરા એસ.આઈ.આર.એ જાપાનીઝ રોકાણકારો માટે ફોકસનો એરિયા છે અને તે માટે ૨૦૨૪ની વાઈબ્રન્ટ સમિટના માધ્યમથી ગુજરાત સરકાર સાથે કામ કરવા તેઓ ઉત્સુક છે, એવું પણ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રી કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં દેશમાં ઈઝ ઓફ ડુંઈંગ બિઝનેસની સરળતાને કારણે વિદેશી રોકાણો માટે ભારત આવવું સુગમ બન્યું છે.

ભૂપેન્દ્ર પટેલે ભારત અને ગુજરાતમાં વિવિધ પ્રોજેક્ટ્સમાં રોકાણ કરવા બદલ જે.બી.આઈ.સી.નો આભાર માન્યો હતો.

મુખ્યમંત્રીએ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪માં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ પણ આ તકે જે.બી.આઈ.સી.ને પાઠવ્યું હતું.

આ બેઠકમાં જાપાન ખાતેના ભારતીય રાજદૂત સીબ્બી જ્યોર્જ અને મુખ્ય સચિવ રાજકુમાર સહિત ડેલિગેશનના સભ્યો જોડાયા હતા.

# વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - ૨૦૨૪ : ગૃહ રાજયમંત્રી હર્ષસંઘવીના નેતૃત્વમાં ગુજરાતનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ દુબઈના પ્રવાસે

## ગૃહ રાજયમંત્રી એ દુબઈ ખાતે ગ્લોબલ પાર્ટનરશીપ અને ડિપ્લોમેટીક ડેલિકેટસ સાથે તેમજ વન ટુ વન બેઠકમાં ગુજરાતમાં ઈન્વેસ્ટ કરવા માગતા મહત્વના સી. ઈ. ઓ અને વેપારીઓ સાથે કરી મુલાકાત



દુબઈ તા.૨૮

રાજ્યમાં આગામી સમયમાં યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટઃ ૨૦૨૪ના પ્રચાર પ્રસાર અને રોકાણ માટે ગૃહ રાજ્યમંત્રી હર્ષસંઘવીના નેતૃત્વમાં ગુજરાતનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ દુબઈના પ્રવાસે ગયું છે ગઈકાલે દુબઈ પ્રવાસના પ્રથમ દિવસે વિવિધ ઉદ્યોગગૃહોના પ્રતિનિધિઓ સાથે ફળદાયી પરામર્શ કરીને ગુજરાતમાં વિકાસની તકો અગે સવિસ્તૃત માહિતી પુરી પાડી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં દુબઈ અને ગુજરાત વચ્ચે ઉદ્યોગ-વ્યાપાર અને વાણિજ્ય સહિતના સાંસ્કૃતિક-આર્થિક સંબંધોનો સેતુ વધુ વિસ્તૃત ફલક ઉપર વિકસિત કરવા અને ગુજરાત ઔદ્યોગિક અને આર્થિક વિકાસની જે હરણફાળ ભરી રહ્યું છે, તેના સંદર્ભમાં દુબઈના ઉદ્યોગ-વાણિજ્ય ક્ષેત્રની ભાગીદારી વ્યાપક બનાવવાના ઉદ્દેશથી આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાતને ઉદ્યોગ, વેપાર અને ઉત્પાદન ક્ષેત્રે રોકાણકારો માટે ગ્લોબલ ડેસ્ટીનેશન બનાવનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી એડીશન આગામી જાન્યુઆરી ૨૦૨૪માં યોજાવાની છે.જે માટે મુખ્યમંત્રીભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજયના વિવિધ અગ્રણી ઉદ્યોગ-વેપાર સંચાલકો પણ જાપાનના પ્રવાસે છે.

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી એ ગઈકાલે દુબઈ ખાતે ગ્લોબલ પાર્ટનરશીપ અને ડિપ્લોમેટીક ડેલિકેટસ સાથે તેમજ વન ટુ વન મીટીંગમાં ગુજરાતમાં ઈન્વેસ્ટ કરવા માગતા મહત્વના સી. ઈ. ઓ અને વેપારીઓ સાથે મુલાકાત કરી હતી. આ ઉપરાંત સાંજે ૧૬:૩૦ કલાકે યોજાયેલ કાર્યક્રમમાં ગુજરાતની સિધ્ધિઓ, ગુજરાતનું ભવિષ્યમા થનાર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ,ભવિષ્યમાં ગુજરાતના ઉદ્યોગ જગતમાં થનારા ડેવલપમેન્ટ પ્લાનની ચર્ચા કરાઈ હતી.તેમજ ગૃહ રાજ્ય મંત્રીએ યુએઈના(AI) મિનિસ્ટર ઓમર અલ- ઓલમા સાથે મુલાકાત કરીને સાથે ભોજન પણ લીધું હતું.

આ ઉપરાંત ગઈકાલે પ્રથમ દિવસે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને ઉર્જા વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી મમતા વર્મા IGF માં રાઉન્ડ ટેબલ મીટિંગ પર વિવિધ સંસ્થાના મહાનુભાવોને પણ મળીને રાજ્યમાં વિકાસની તકો સંદર્ભે વિસ્તૃત માહિતી આપી હતી. આ મુલાકાતમાં મનોજ લાડવા ઈન્ડિયા ગ્લોબલ ફોરમ,સતીશ સિવાન કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયા દુબઈ,એલેકસી ગુણવર્દને શ્રીલંકાના કોન્સ્યુલેટ જનરલ, વિજય શેખર શર્મા પેટીએમ, ઉત્સવ શેઠ ફોરસાઈટ ગ્રુપ, "મેઘન ગ્રેગોનિસ" દુબઈમાં યુનાઈટેડ સ્ટેટ્સના કોન્સ્યુલ જનરલ,વિમલકુમાર ભીમજી શાહ બિડકો આફ્રિકા,નીતિન જયસ્વાલ બ્લૂમબર્ગ,વિક્રમ શ્રોફ યુપીએલ, સંજય નાયર સોરિન ઈન્વેસ્ટમેન્ટ્સ,"પદ્મનાભ રાવ મૂડ્યુમને" લાર્સન એન્ડ ટુબ્રો,શાદા અલ બોર્નો સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ,બી એમ જમાલ હુસૈન બાંગ્લાદેશ કોન્સ્યુલેટ જનરલ, એન્ડ્રૂ ત્સેપો લેબોના દક્ષિણ આફ્રિકાના કોન્સ્યુલેટ જનરલ,સ્ટેલા માર્ટિન બેક રોયલ કોન્સ્યુલેટ ઓફ ડેનમાર્ક સિનિયર એડવાઈઝર, એનર્જી ટ્રાન્ઝિશનનો સમાવેશ થાય છે.

# ધુનડાના સત પુરણધામ આશ્રમે પુ. જેન્તિરામબાપાનો સત્સંગ











(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જામજોધપુર તાલુકાના ધુનડા ગામે આવેલ સતપુરણધામ આશ્રમ ખાતે ગઈકાલે પૂનમ નિમિતે પુ. જેન્તિરામબાપાનો સત્સંગ યોજાયો હતો. જેમાં પુ. બાપાએ આજના તનાવયુકત જીવનમાં આધી વ્યાધી અને ઉપાધીના ત્રિવીધ તાપમાંથી મુકત થઈ ગુરૂકૃપાથી આનંદમય પ્રસન્ન અવસ્થામાં જીવન કેમ જીવાય અને ધ્યાન સમાધી ગહન યોગ અધ્યાત્મ માર્ગે આગળ કેમ વધાય તેનું અનુભવ ગત માર્ગદર્શન આપ્યું હતું. આ સત્સંગસભામાં મુંબઈથી નાગજીભાઈગજજર, અમદાવાદના નટુભાઈ પટોળીયા, ગઢાતથી રવુભા પરમાર, રાજકોટથી જીલડીયા પરિવાર તેમજ જૂનાગઢ અકિલાના પત્રકાર વિનુભાઈ જોષી, રસીકભાઈ મહિધરીયા, સિધ્ધાર્થ મહિધરીયા સહિત સૌરાષ્ટ્ર-કચ્છ, ગુજરાત, મુંબઈ સહિતના પ્રાતોમાંથી સત પરિવાર ઉપસ્થિત રહી ધર્મલાભ લીધો હતો.

ઉપરાંત ભજન, સંતવાણીના આરાધક ભનુભાઈ ઓડેદરા પણ પરિવાર સાથે હાજર રહી સંતવાણી રજુ કરેલ હતી.

# બિલખા-ભેંસાણ હોમગાર્ડઝ યુનિટની પવિત્ર પરિક્રમામાં સરાહનીય કામગીરી



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા.૨૮

તાજેતરમાં યોજાયેલ પવિત્ર લીલી પરિક્રમામાં બિલખાના એડવોકેટ અને હોમગાર્ડઝ કમાન્ડર અતુલભાઈ એન. વ્યાસની નીગરાનીમાં બિલખાના અને ભેંસાણના હોમગાર્ડઝ જવાનોને સરકડીયા હનુમાન અને માળવેલા ખાતે આવેલ રૂટ ઉપર તૈનાત કરવામાં આવ્યા હતા. જયાં આગળ આ વખતે યાત્રિકોનો ખુબ જ ઘસારો વધ્યો હોય બિલખા અને ભેંસાણની હોમગાર્ડઝ ટીમ દ્વારા ફરજના પાલન સાથે સાથે યાત્રિકોને મદદરૂપ બન્યા હતા. હોમગાર્ડઝ જવાનોની સેવાની યાત્રિકોએ પણ ખુબ સરાહના કરી હતી.

# સુપ્રિમ કોર્ટમાં વકીલી વેશભૂષામાં ડો. આંબેડકરની પ્રતિમાનું અનાવરણ



તા.૨૬ નવેમ્બર,૨૦૨૩નાં ઐતિહાસિક "બંધારણ સ્વિકાર દિન"નાં ઉપલક્ષમાં ભારતની સુપ્રીમ કોર્ટના પરિસરમાં બંધારણના ઘડવૈયા ડો.ભીમરાવ આંબેડકરની વકીલી વેશભૂષામાં પુર્ણ કદની પ્રતિમાનું રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનાં હસ્તે અનાવરણ કરાયું હતું. આ તકે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ડો. ધનંજય યશવંત ચંદ્રચુડ, કેન્દ્રીય કાયદામંત્રી અર્જુનરામ મેઘવાલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પ્રખર કાનૂનવિદ ડો. બાબાસાહેબ આંબેડકરે ઈ.સ.૧૯૨૩ થી ઈ.સ.૧૯૫૬ સુધી વકીલાતનો વ્યવસાય કર્યો હતો.

જેમાં મહારાષ્ટ્રની વિવિધ જિલ્લા અને સત્ર ન્યાયાલયો, બોમ્બે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં પોતાના અસીલોના કાનૂની પ્રતિનિધિ તરીકે વિવિધ કેસોમાં દલિલો રજૂ કરી હતી. વર્ષ ૧૯૫૨માં સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયા સમક્ષ ત્રણ રાજયને સ્પર્શતા જમીનદારીના કેસમાં ડો.આંબેડકર કપુરથલાના મહારાજા વતી રોકાયા હતા. "સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયા (પટનાથી)(C.B.) સ્ટેટ ઓફ બિહાર, વિશ્વેશ્વર રાવ, સૂર્યપાલસિંહ Vs કામેશ્વરસિંહ, સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ, ગવર્મેન્ટ ઓફ ઉત્તર પ્રદેશ. આ કેસના અનુસંધાને વર્ષ ૧૯૭૮માં નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા "મદન મોહન પાઠક Vs યુનિયન ઓફ ઈન્ડિયા"નાં કેસમા ઓવરરૂલ્ડ આપવામાં આવ્યું હતું. જે કેસમાં ન્યાયમૂર્તિ તરીકે વર્તમાન સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ડો.ધનંજય ચંદ્રચુડના પિતા યશવંત વી.ચંદ્રચુડ અને પી.એન.ભગવતી સહિતના ન્યાયમૂર્તિઓની બેંચે નિર્ણય કર્યો હતો. જીવનના છેલ્લા શ્વાસ સુધી કાયદા સાથે નિસબત ધરાવનારા ડો.બાબાસાહેબ આંબેડકરે કાનૂની શિક્ષણ ક્ષેત્રે પણ ઉંડુ અધ્યયન અને અધ્યાપન કર્યું, બોમ્બે લો કોલેજના અધ્યાપક અને આચાર્ય તરીકે સેવાઓ પણ આપી. સ્વતંત્રતા બાદ નૂતન ભારતના બંધારણનું નિર્માણની કામગીરી અને રાષ્ટ્રનાં પ્રથમ કાયદામંત્રી તરીકે તેમણે આપેલું યોગદાન અપ્રતિમ અને અનન્ય છે.

**- નીરજકુમાર કે. મહિડા(એડવોકેટ)**

# માહી ડેરી દ્વારા નેશનલ મિલ્ક ડેની અનોખી ઉજવણી







## મિલ્કમેન ડો.વર્ગીસ કુરિયનના જન્મદિન નિમિત્તે કાર્યક્રમ યોજાયો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૮

વિશ્વભરમાં દૂધ ઉત્પાદનક્ષેત્રે ભારતનું નામ રોશન કરવામાં જેમનો સિંહફાળો રહ્યો છે તેવા શ્વેતક્રાંતિના સર્જક, ડેરી ઉદ્યોગને ગ્રામીણ ભારતમાંસૌથી વધુ મોટા પ્રમાણમાં રોજગારી પૂરી પાડતો ઉદ્યોગ બનાવનાર અને સમગ્ર વિશ્વમાં ડેરી વિકાસના સૌથી વિસ્તૃત કાર્યક્રમ ઓપરેશન ફલડના શિલ્પી ડો. વર્ગીસ કુરિયનના જન્મદિનને સમગ્ર દેશ નેશનલ મિલ્ક ડે તરીકે ઉજવે છે. સૌરાષ્ટ્ર-કચ્છના દૂધ ઉત્પાદકોની સંસ્થા - માહી ડેરી દ્વારા મિલ્કમેન ડો.વર્ગીસ કુરિયનની જન્મજયંતિ નિમિત્તે રાજકોટ ખાતે એકબ્લડ ડોનેશન કેમ્પ તેમજ પ્રાથમિક આરોગ્ય તપાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે ડેરીની વિવિધ જિલ્લા કચેરીઓ ખાતે પણ જુદા જુદા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

દેશમાં શ્વેત ક્રાંતિનાજનક ડો. કુરિયને તેમનું સમગ્ર જીવન દૂધ ઉત્પાદકો માટે ન્યોચ્છાવર કરી દીધુ હતું. તેમના જન્મદિનની માહી ડેરી દ્વારાઅનોખી ઉજવણી કરવામાં આવી હતી. માહી ડેરીની જિલ્લા કચેરીઓ દ્વારા ડો. કુરિયનના જીવન કવન વિશે દૂધ ઉત્પાદકો તેમજબાળકોને માહિતગાર કરી શકાય તે માટે શ્વેતક્રાંતિના પ્રણેતા ડો. વર્ગીસ કુરિયનની ઓટોબાયોગ્રાફી રજૂ કરી ડો. કુરિયને આપેલા યોગદાનને બિરદાવાયું હતું. ત્યારબાદ ડેરીના પીઆઈબી વિભાગ દ્વારા સ્વચ્છ દૂધ ઉત્પાદન સંદર્ભે તૈયાર કરવામાં આવેલું પ્રેઝન્ટેશન રજૂ કરી ડો. કુરિયનના સ્વપ્નને સાકાર કરવા અપીલ કરાઈ હતી. આ કાર્યક્રમમાં અનેક સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, અનાથાશ્રમ અને બાલાશ્રમ જેવી સંસ્થાઓના બાળકોને પણ ડો. કુરિયનના જીવનકવનની જાણકારી આપી તમામ બાળકોને માહીનું ફલેવર્ડ મિલ્ક - માહી મિલ્કોલા પીવડાવાયું હતું.

રાજકોટના ખંઢેરીમાં આવેલી એનિમલ ફીડ એન્ડ ન્યૂટ્રીશન યુનિટ ખાતે એચ.સી.જી. હોસ્પિટલ અને નેત્રદીપ મેકસી વિઝનઆઈ હોસ્પિટલના સહયોગથી કર્મચારીઓ માટે પ્રાથમિક ચકાસણી અને આંખ તપાસમાટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે જીવનદીપ બ્લડ બેન્કના સહયોગથી એક રકતદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ૨૫ યુનિટરકત એકત્ર કરવામાં આવ્યું હતું.

# કેશોદથી દવા લઈને પરત ફરતા બુધેચાના કારડીયા યુવાનનું ભંડુરી નજીક અકસ્માતમાં મૃત્યું થતાં શોકની લાગણી

માળીયાહાટીના,તા. ૨૮

તાલુકાના ગડોદર અને ભંડુરી ગામ વચ્ચે વહેલી સવારમાં બુધેચા ગામના ૩૫ વર્ષના કારડીયા યુવાનનું મૃત્યુ થયેલ છે. લખમણભાઈ માંડાભાઈ ડોડીયાના એકના એક પુત્ર વિજયભાઈ રાત્રે પોતાના ખેતરે પાણી વાર્તા હતા અને તેમને પેટમાં એકાએક પતરીનો દુખાવો જોરદાર ઉપડ્યો હતો અને પોતે પોતાની વાડીએથી જ એમના માતા પિતાને ખબર ન પડે તે રીતે જ કેશોદ દવાખાને ગયા હતા અને ત્યાંથી સારવાર લઈને વિજયભાઈ પોતાનું મોટરસાયકલ લઈને બુધેચા આવવા નીકળ્યા હતા ત્યારે રસ્તામાં ગડોદર અને ભંડુરી વચ્ચે ઝાકળના કારણે પોતાનું મોટરસાયકલ બેલેન્સ ગુમાવી ને સિમેન્ટના થાંભલા સાથે અથડાતાં મોટર સાઈકલ ફગી ગયું હતું અને વિજયભાઈ પણ ફેંકાઈ ગયા અને ત્યાં જ સ્થળ ઉપર જ વિજયભાઈનું મોત થયું હોવાનું જાણવા મળ્યું છે

માળીયા પોલીસ તાત્કાલિક આવી ગઈ હતી અને વિજયભાઈની ડેડબોડીનો કબજો લઈ પીએમ માટે માળીયા હાટીના સરકારી દવાખાને ખસેડેલ આ સમયે આગેવાન કારડીયા સમાજના રાજપૂત કાઉન્સિલના પ્રમુખ લક્ષ્મણભાઈ યાદવ બુધેચા માજી સરપંચ હરિભાઈ બારડ પ્રવીણભાઈ ડોડીયા આશિષભાઈ ડોડીયા કાળુભાઈ પઢીયાર સહિતના ગામના આગેવાનો દોડી ગયા હતા. વિજયભાઈની સ્મશાન યાત્રા નીકળી ત્યારે તેમની બે બહેનો અને તેમના ઘરડા માતા-પિતા ચોધરા આંસુ એ હૈયા ફાટ રુદન કરતા હતા નાના એવા બુધેચા ગામમાં આ બનાવ બનતા કારડીયા સમાજમાં અને બુધેચા ગામમાં અરેરાટી મચી ગઈ છે અને આખું ગામ વિજયભાઈની સ્મશાન યાત્રામાં જોડાયું હતું.

# વેરાવળનાં આશાસ્પદ યુવાનનું મૃત્યુ : શોકની લાગણી



(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૨૮

વેરાવળના એક આશાસ્પદ યુવાન એવા દર્શિત નલીનભાઈ જોષીપુરા કે જેઓ આબુ અંબાજી તેમજ વડનગરની યાત્રા દરમિયાન બ્રેન સ્ટોક આવતા અવસાન પામેલ છે. જેમણે પોતાના ટૂંકા જીવન દરમ્યાન અનેક સિદ્ધિઓ હાંસલ કરેલ છે. જેમકે સેવાધર્મી, રમતગમત ક્ષેત્રે પણ અનેક શિલ્ડો મેળવનાર જેમાં ક્રિકેટ તેમજ વોલીબોલ માં અનેક સિદ્ધિઓ હાંસલ કરેલ છે, એવા આશાસ્પદ યુવાનને ગુમાવી વેરાવળ દુઃખની લાગણી અનુભવે છે.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ભેંસાણના ડમરાળા ગામે કરાયેલ ઉત્સાહભેર સ્વાગત

## જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પી. જી. પટેલ રહ્યા ઉપસ્થિત





જૂનાગઢ તા.૨૮

વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ભેસાણ તાલુકાના ડમરાળા ગામે ઉત્સાહભેર ગ્રામજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કેન્દ્ર- રાજ્ય-સરકારની જન કલ્યાણકારી યોજનાઓની જાણકારી અને તેના લાભો આપવાના ઉદ્દેશ્ય સાથે ગામે ગામ ફરી રહેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં ભેંસાણ તાલુકાના ડમરાળા ગામે પહોંચી હતી. આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી પી. જી. પટેલે પ્રજાલક્ષી વિવિધ યોજનાઓ બાબતે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત ભૂગર્ભ જળ સ્તર ઊંડા જઈ રહ્યા છે, ત્યારે ચેકડેમ બનાવવા માટે જરૂરી દરખાસ્ત કરવા પણ ગ્રામજનોએ રજૂ કરેલા પ્રશ્ન સંદર્ભે જણાવ્યું હતું. આ તકે ગ્રામજનોએ હેલ્થ ચેકઅપ કેમ્પનો લાભ લીધો હતો ઉપરાંત પશુ આરોગ્ય કેમ્પ પણ રાખવામાં આવ્યો હતો. સાથો સાથ આરોગ્ય, ખેતીવાડી, પશુપાલન સહિતના વિભાગની પ્રજાકીય યોજનાઓની લોકોને જાણકારી આપવામાં આવી હતી. તેમજ વિકસિત ભારત માટે ગ્રામજનો સંકલ્પબદ્ધ થયા હતા. આ પ્રસંગે પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ સહિત જુદા જુદા યોજનાના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો પણ રજૂ કર્યા હતા. ઉપરાંત જુદી જુદી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરપંચ નબુબેન નારણભાઈ ઘાડીયા, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી સંજયભાઈ ભાટુ, વિસ્તરણ અધિકારી વાઢેર, આંકડા મદદનીશ કે. બી. ગોહેલ, તલાટી મંત્રી વાળા સહિત જુદા જુદા વિભાગના કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી લોકો જન કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવે : ધારાસભ્ય દેવાભાઈ માલમ

## કેશોદના ચિત્રી ગામના ગ્રામજનોએ વિકસિત ભારત માટે લીધો સંકલ્પ




જૂનાગઢ, તા.૨૮

કેશોદના ચિત્રીના ગામના ગ્રામજનોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાને આવકાર આપ્યો હતો. કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમની પ્રેરક ઉપસ્થિતિમાં લોકોને જન કલ્યાણકારી યોજનાઓના લાભનું વિતરણ કરવાની સાથે તેની જાણકારી આપવામાં આવી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય દેવાભાઈ માલમે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી જે યોજનાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, તે યોજનાઓનો મેળવવા માટે અનુરોધ કર્યો હતો. આ તકે પ્રાકૃતિક કૃષિના લાભો વિશે તેમજ અન્ય પ્રજાલક્ષી યોજનાઓના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. ઉપરાંત ગ્રામજનોએ આરોગ્ય સેવાઓનો પણ આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી લાભ મેળવ્યો હતો. આ પ્રસંગે ગ્રામજનોએ વિકસિત ભારતના નિર્માણ માટે પ્રતિજ્ઞા પણ લીધી હતી. આ પ્રસંગે ગ્રામ આગેવાનો, વહીવટદાર મયંકભાઈ કનેરિયા, તલાટી મંત્રી દેવાંગભાઈ ભારથી સહિત જુદા જુદા વિભાગના કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળનાં ભાલપરા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

## યાત્રા અંતર્ગત આરોગ્ય કેમ્પમાં ૧૫૪ લોકોની આરોગ્યલક્ષી તપાસ કરવામાં આવેલ



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૮

વેરાવળ તાલુકાના ભાલપરા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ આવી પહોંચતા જ ગ્રામજનોએ કંકુ-ચોખાથી આ રથને આવકાર્યો હતો. પ્રાંત અધિકારી કે.વી.બાટી, શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પટાટ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં લાભાર્થીઓને કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત યોજાયેલ આરોગ્ય કેમ્પમાં ૧૫૪ લોકોની તપાસ કરવામાં આવી હતી જ્યારે સોઈલ હેલ્થ કાર્ડના ૫ લાભાર્થીઓએ લાભ સાથે માહિતી મેળવી હતી. આ યાત્રા અંતર્ગત બે મહિલાઓનું તેમજ વિશિષ્ટ પ્રતિભા દાખવનાર ૨ વિદ્યાર્થીઓનું તેમજ રમતગમત ક્ષેત્રે પોતાનું યોગદાન આપનાર રમતવીરોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ તકે, જૈવિક ખેતી કરતા ખેડૂતો સાથે વાર્તાલાપ કાર્યક્રમનું પણ આયોજન કરાયું હતું અને સ્થળ ઉપર જ ૬૫થી વધુ આયુષ્માનકાર્ડનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. લાભાર્થીઓએ મેરી કહાની મેરી જુબાની હેઠળ કલ્યાણકારી યોજનાઓ વિશે પોતાનો સુખદ અનુભવ જણાવી સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આ તકે કાર્યક્રમમાં ઉપસ્થિત તમામે ભારત દેશને વિકસિત બનાવવાની દિશામાં પ્રયત્ન અંગે શપથ ગ્રહણ કર્યા હતાં. આ કાર્યક્રમમાં તા.પં.ના સભ્યો અને સ્થાનિક ગ્રામજનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહ્યા હતા.

# સોમનાથ મંદિરમાં કાર્તિકી પૂર્ણિમાની મધ્ય રાત્રિએ અદભુત અમૃત વર્ષા યોગ રચાયો

## સોમનાથ જ્યોતિર્લિંગ, ધ્વજદંડ, અને ચંદ્ર એક હરોળમાં આવ્યાનો અદભુત સંયોગ નિહાળી શિવ ભક્તો ભાવવિભોર બન્યા




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૮

કરોડો ભક્તોની અખંડ આસ્થાના કેન્દ્ર એવા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર ખાતે પ્રતિવર્ષની જેમ કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રીના ૧૨ કલાકે અદભુત ખગોળીય સંયોગ રચાય છે. જેમાં વર્ષમાં માત્ર એક જ વખત ખાસ કાર્તિકી પૂર્ણિમાની રાત્રીએ ચંદ્રદેવ, સોમનાથ મંદિરનાં શિખર પરનું ત્રિશુલ ધ્વજદંડ અને સોમનાથ જ્યોતિર્લિંગ એક જ ક્ષિતિજમાં આવે છે. માનવામાં આવે છે કે જે સ્થાન પર ચંદ્રદેવને ક્ષય રોગમાંથી શિવજીએ મુક્તિ આપી હતી તે જ સ્થાન ઉપર સોમનાથ મહાદેવનો અભિષેક કરવા માટે પ્રતિવર્ષ કાર્તિકી પૂર્ણિમાની રાત્રીએ ચંદ્ર પોતે પધારે છે અને પોતાની પ્રભા એટલે કે પોતાની શીતળ ચાંદનીથી સોમનાથ મંદિરનો અભિષેક કરે છે. આ સંયોગને ભક્તો અમૃત વર્ષા યોગ તરીકે ઓળખે છે. કારણ કે ભક્તોને પ્રબળ શ્રદ્ધા છે કે જ્યારે ચંદ્રદેવ પોતાના નાથ સોમનાથ મહાદેવને પોતાની પ્રભા એટલે કે પ્રકાશથી અભિષેક કરવા પધારે છે ત્યારે આ અમૃત વર્ષાના દર્શન કરનાર દરેક ભક્તની તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે અને ચંદ્રદેવની જેમ ભક્તોની પણ તમામ સમસ્યાઓ સોમનાથ મહાદેવ દૂર કરે છે. અમૃત વર્ષા યોગના દર્શન કરવા દેશ-વિદેશમાંથી શ્રદ્ધાળુ સોમનાથ પહોંચ્યા હતા. ભક્તોએ પોતાના અને પરિવારના કલ્યાણની સાથે વિશ્વના કલ્યાણની સોમનાથ મહાદેવની પ્રાર્થના કરી હતી. કાર્તિકી પૂર્ણિમાના આ અદભુત સંયોગને અનુલક્ષીને સોમનાથ મંદિરમાં રાત્રિના ૧૧:૦૦ વાગે મહાપૂજા કરવામાં આવેલ તેમજ પરંપરા અનુસાર મધ્યરાત્રીએ ૧૨ કલાકે સોમનાથ મહાદેવની મહાઆરતી કરવામાં આવી હતી. દેશ વિદેશમાંથી આવનાર ભક્તોના હર હર મહાદેવ જય સોમનાથના નાદથી શ્રી સોમનાથ મંદિર પરિસર ગુંજી ઉઠયું હતું.

# મીઠાપુર નજીક પોલીસ ઉપર બોલેરો ચડાવી હત્યાનો પ્રયાસ કરનાર બંદરી ગેંગના ૬ ઝડપાયા



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૮

ઓખા મંડળના આરંભડા વિસ્તારમાં રાત્રિના સમયે પેટ્રોલિંગમાં રહેલા પોલીસ સ્ટાફને અવગણી અને પોલીસ કર્મીઓ પર વાહન ચડાવી, હત્યા નીપજાવવાના પ્રયાસ બાદ નાસી છૂટેલા આરોપીઓને પોલીસે ખંભાળિયા નજીકના દેવળીયા ચોકી નજીકથી રાત્રિના સમયે ઝડપી લીધા હતા. ઝડપાયેલા આરોપીઓ બંદરી ગેંગના રીઢા ગુનેગાર હોવાનું પણ ખુલવા પામ્યું છે.

સમગ્ર જિલ્લા તથા ખાસ કરીને પોલીસ બેડામાં ચકચારી બની ગયેલા આ પ્રકરણની વિગત મુજબ શનિવારે મધ્યરાત્રિના સવા ત્રણેક વાગ્યાના સમયે મીઠાપુર પોલીસ મથકના કર્મચારીઓના નાઈટ પેટ્રોલિંગ દરમિયાન ચાલી રહેલી વાહન ચેકિંગ અંગેની કાર્યવાહી દરમ્યાન સફેદ કલરની નંબર વગરની એક બોલેરો કેમ્પર વાહન આરંભડા વિસ્તારમાંથી નીકળતા તે ચેકિંગ અર્થે પોલીસ દ્વારા ઊભું રાખવા માટે હાથ તથા લાકડી વડે ઈશારો કરવામાં આવ્યો હતો. પરંતુ આ બોલેરો કેમ્પરના ચાલક તથા તેમાં રહેલા શખ્સો દ્વારા પોલીસ ઉપર વાહન નાખતા પોલીસ કર્મચારીઓએ મહા મહેનતે પોતાનો જીવ બચાવી અને એક બાજુ કૂદી ગયા પછી બોલેરો કેમ્પર વાહનના ચાલકે મીઠાપુર પોલીસના વાહનને ટક્કર મારી, નુકસાની પહોંચાડી, આ શખ્સોએ પોલીસ ઉપર લાકડી તથા પાઈપ ઉગામી અને પથ્થર ફેંકીને નાસી છૂટ્યા હતા પરંતુ પોલીસે આ વાહનો પીછો કરીને ખંભાળિયા સુધી પહોંચી ગયા હતા. અહીં પાયલ હોટલ પાસે બેરીકેટ તેમજ અડચણો હોવાથી આરોપીઓ પોતાનું વાહન મૂકી અને અંધારામાં ખેતરાઉ રસ્તે નાસી છૂટ્યા હતા.

આથી આ પ્રકરણ અંગે મીઠાપુર પોલીસમાં છ જેટલા શખ્સો સામે આઈપીસી કલમ ૩૦૭ તેમજ ફરજમાં રૂકાવટ સહિતની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આ પ્રકરણમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. તથા એસ.ઓ.જી. પોલીસ અને ખંભાળિયા પોલીસ પણ સાથે મળી અને આરોપીઓને ઝડપી લેવા માટે રાત્રિના સમયે જ ઠેર ઠેર નાકાબંધી સહિતની સઘન કાર્યવાહી કરવામાં આવી હતી.

આ ગંભીર મુદ્દે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય તથા એ.એસ.પી. રાઘવ જૈન અને અહીંના ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ દ્વારા તાકીદની કાર્યવાહી કરી, જરૂરી માર્ગદર્શન વચ્ચે એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલ અને પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી સાથે એસ.વી. ગળચર વગેરે દ્વારા ટેકનિકલ તથા હ્યુમન સોર્સીસના આધારે ગ્રાઉન્ડ લેવલની સઘન કામગીરી કરીને આધારભૂત માહિતી ઉપરથી પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારીને મળેલી બાતમીના આધારે ખંભાળિયા જામનગર હાઈવે રોડ પર દેવળીયા ચોકી આગળ એક ઝાડ નીચે સાઈડમાં બેસીને ખંભાળિયામાં પકડાયેલું પોતાનું વાહન છોડાવવા માટે એકત્ર થયેલા છ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા.

પોલીસ દ્વારા પકડાયેલા અને ભૂંડ પકડવાનો ધંધો કરતા છ શખ્સો મૂળ અમદાવાદના ભાઈપુરા વિસ્તારના રહીશ અને હાલ જામનગરના પાસેના મસીતિયા ગામે રહેતા તેમજ ભૂંડ પકડવાનો અને વાળ વીણવાનો વ્યવસાય કરતા મરાઠા સેટીયા બાબુ બોકડે (ઉ.વ. ૩૯), ભાઈપુરાના રહીશ મરાઠા શંકર બાબુ બોકડે (ઉ.વ. ૨૨), મસીતીયા ગામનો મરાઠા ગોપાલ રાજુ બોકડે (ઉ.વ. ૨૩), ક્રિશ રાજુભાઈ કેરે (ઉ.વ. ૨૨), મરાઠા પરબત રાજુ કેરે (ઉ.વ. ૨૭) અને ભારત મસુ ઉર્ફે પોસીયા ઝિલ્પે (ઉ.વ. ૨૩)ને દબોચી લઈને આગવી ઢબે પૂછપરછ કરતા આ શખ્સોએ પોલીસ ઉપર હુમલો કરીને નાસી છૂટયા હોવાની કબૂલાત આપી હતી. આથી ફરજ પરના પોલીસે આરોપીઓની અટકાયત કરી, વધુ તપાસ અર્થે આ શખ્સોનો કબજો મીઠાપુરના ઈન્ચાર્જ પી.આઈ. એમ.ડી. મકવાણાને સોંપ્યો છે. ઝડપાયેલા આ શખ્સો પાસેથી રૂા.૨૦,૦૦૦ ની કિંમતના ચાર નંગ મોબાઈલ ફોન તેમજ રૂપિયા ૩,૩૬૦ રોકડા મળી કુલ રૂા. ૨૩,૩૬૦ નો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલ, પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી, એસ.વી. ગળચર, એ.એસ.આઈ. સજુભા જાડેજા, જેસલસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, ભરતભાઈ જમોડ, ગોવિંદભાઈ કરમુર, સચિનભાઈ, વિશ્વદિપસિંહ સાથે એસ.ઓ.જી.ના રાજભા જાડેજા, હરપાલસિંહ જાડેજા, સુરેશભાઈ વાનરીયા, મહાવીરસિંહ ગોહિલ, કિશોરસિંહ જાડેજા તેમજ ખંભાળિયાના ડી-સ્ટાફના પોલીસ કર્મીઓ સાથે રહ્યા હતા.


# ઉનાના રાતડ ગામે રૂા.૧.૩૫ લાખની ચોરી

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૮

ઉના તલુકાના રાતડ ગામે રહેતા મોંઘીબેન બચુભાઈ મેવાડા સંયુકત પરિવારમાં રહે છે. રાત્રિના તમામ લોકો વાળું પાણી કરી સુઈ ગયા હતા. સવારે તેમનો દીકરો ઉઠતા મકાનના રૂમના દરવાજાનું તાળું તૂટેલ હતું. ઘરમાં તપાસ કરતા પતરાની પેટી અને સૂટકેસમાં રાખેલ રોકડા રૂપિયા અને સોના અને ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા એક લાખ ૩૫ હજાર રૂપિયાના મુદામાલની ચોરી કરી અજાણ્યો માણસ નાસી ગયાની ઉના પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી અને પી.એસ. આઈ. એચ.કે. વરૂ ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. ઊના તાલુકાના ગ્રામ્ય પંથકમાં ચોરીના બનાવ બનતા રાત્રિના પોલીસ પેટ્રોલિંગ કરવા લોકોની માંગણી ઉઠી છે.

# સુરત ખાતે યોજાયેલી ૧૭મી નેશનલ આલોહા કોમ્પિટીશનમાં મોડાસાની શ્લોકા ઉપાધ્યાય પ્રથમ સ્થાને



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૮

મોડાસાની ૧૩ વર્ષની શ્લોકા વિશાલભાઈ ઉપાધ્યાયને **ALOHA MASR** ૧૭.મી નેશનલ કોમ્પિટિશનમાં પ્રથમ ક્રમે વિજેતા થઈ આલોહા ગ્રેજ્યુએટની પદવી તેમજ ટ્રોફી દ્વારા સન્માનિત કરવામાં આવી હતી. મોડાસાના ડો.વિશાલભાઈ તથા ડો.માલતીબેન ઉપાધ્યાયની ૧૩ વર્ષની સુપુત્રી શ્લોકાએ તા-૨૫/૧૧/૨૦૨૩.ના સૂરત ખાતે ૧૭.મી નેશનલ લેવલની **ALOHA MASR**ના કોર્સની કોમ્પિટિશનમાં લેવલ ૮.છે,એ લેવલ-૮.મા શ્લોકા પ્રથમ ક્રમે વિજેતા બની સફળતા પૂર્વક પાસ કરેલ તે બદલ શ્લોકાને **ALOHA** ગ્રેજ્યુએટની પદવી તથા ટ્રોફી એનાયત કરવામાં આવી. શ્લોકાએ એમના પરિવાર તેમજ મોડાસાનું ગૌરવ વધાર્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# રાજનીતિમાં મૂલ્યોની પુર્નઃ સ્થાપના જરૂરી છે

ચૂંટણી લોકતંત્રનો પવિત્ર મહોત્સવ કહેવાય છે, જેમાં જનભાગીદારીની ખાસ ભૂમિકા હોય છે. ક્યારેક રાજકીય પ્રક્રિયા જનાધાર પર ટકેલી રહેતી હતી અને જનતાને પોતાની ઈચ્છા અને અનિચ્છાને આધાર બનાવીને જનપ્રતિનિધિઓની લોકના સ્થાનિક સ્તર પર પસંદગીનો અવસર મળતો હતો. સાથે જ સ્થાનિક નેતૃત્વનો દેશના ઉચ્ચ સ્તર પર સક્રિય નેતાઓ સાથે નિરંતર સંવાદ ચાલતો રહેતો હતો. આ સંવાદ પારસ્પરિક અને બેતરફી રહેતો. બંને એકબીજાનું સન્માન કરતા હતા. ધીમે ધીમે તેના માળખામાં બદલાવ શરૂ થયો અને સ્થાનિકની ભૂમિકા હાંશિયા પર જવા લાગી. કેન્દ્ર કે હાઈકમાન્ડ નિયામક અને નિર્દેશકની ભૂમિકા સાથે સ્થાનિક સ્તર પર વિચાર અને યોજનાઓ સાથે જ નેતાઓની પસંદગીમાં પણ વધુ પડતા સક્રિય થવા લાગ્યા. જનશક્તિ કેન્દ્રાભિમુખ થતી ગઈ અને કેન્દ્રના દાયિત્વોનું સંયોજન નવી પદ્ઘતિથી થવા લાગ્યું. આ બદલાવનાં જટિલ પરિણામ સામે આવવા લાગ્યાં અને સત્તા-શક્તિના સંતુલનની નવી ચાલ-ઢાલ દેખાવા લાગી. નેતાઓની અંગત અને સ્થાનિક ભૂમિકાઓ અને કાર્યકુશળતાને મહત્ત્વ આપવાને બદલે કેન્દ્રીય નેતૃત્વની છબિનો લાભ લેવાની શૈલી અપનાવવા લાગી. કેન્દ્ર પર નિર્ભરતાની નવી રાજકીય ધારો શક્તિના વિતરણની વ્યવસ્થાને વિશ્રૃંખલિત કરી દીધી છે. તેનું પરિણામ ચૂંટણીઓમાં સ્પષ્ટ રૂપે દેખાવા લાગ્યું છે. આ પ્રકારની હલચલ વચ્ચે સંચાર માધ્યમો, વિશેષ કરીને ટીવી અને મોબાઈલ આધારિત મીડિયા પ્લેટફોર્મ મોરચો સંભાળી રહ્યા છે. કેટલીય વાર બેજવાબદાર રીતે અને અધકચરી રીતે એલફેલ વાતચીત દ્વારા દુષ્પ્રચારના પ્રસંગો સામાન્ય થઈ પડ્યા છે. એકબીજાનું ચરિત્ર હનન સામાન્ય વાત થવા લાગી છે. ભાષાના સ્તર પર સંયમ અને પ્રમાણિત તથ્યોની જગ્યો દ્વેષ અને નિરાધાર દાવા સામાન્ય થઈ ગયા છે.

હવે ચૂટણી રણનીતિના રાજકીય તેવર આકાર બદલી રહ્યા છે અને તેની સંસ્કૃતિનો સંપૂર્ણ રીતે કાયાકલ્પ થઈ રહ્યો છે. ચૂંટણીના થોડા દિવસ પહેલાં ગરમાગરમી વધી જાય છે અને અંતિમ કેટલાક દિવસોમાં હાઈકમાન્ડ પોતાના ઉમેદવારનું એલાન કરે છે. કેટલીય વાર સ્થાનિક સ્તર પર સક્રિયતાની અવગણના કરીને કેટલાક અન્ય કારણોથી નવા ઉમેદવારો અજમાવવામાં આવે છે. મજબૂરીમાં જ પાંચ વર્ષ સુધી કે તેનાથી પણ વધુ સમયથી ભૂલાવી દેવાયેલી જનતાની નોંધ લેવામાં આવે છે. ચૂંટણી આવતાં જ તમામ રાજકીય પક્ષો જાદુનો પટારો ખોલે છે અને તેમની સૂતેલી જનસંવેદનાને જગાડે છે. ઘવાયેલી જનતાને રાહત આપવા માટે કમર કસતાં તમામ રાજકીય પક્ષો સુવિધાઓની લાંબી યાદી તૈયાર કરવામાં લાગી પડે છે. બસની મફત યાત્રા, સ્કૂલ, હોસ્પિટલ, નોકરી, દેવાં અને ખેરાતમાં રૂપિયા એટલે કે જીવવા માટે જે પણ જોઈએ એ યાદીમાં સામેલ કરવામાં આવે છે. ચૂંટણી રાજ્યોમાં પોલીસ દ્વારા કરોડો રૂપિયાની જપ્તી અને દારૂની આવાજાહી સામાન્ય વાત થઈ ગઈ છે, જેનું કોઈ દાવેદાર નથી મળતું. આ બધું એટલા માટે થઈ રહ્યું છે, જેથી જનતાને વધુને વધુ માત્રામાં લલચાવી શકાય. હવે ધનબળ દ્વારા વોટ ખરીદવાની કોશિશ થવા લાગી છે.

જનપ્રલોભનોની આ અજીબોગરીબ ઓફર એ સાબિત કરવા માટે મીડિયામાં ખૂબ પ્રચારિત કરવામાં આવે છે કે એવું કરનારા જેવા લોક-શુભેચ્છક બીજા કોઈ નથી! આ ક્રમમાં વિભિન્ન રાજકીય દળો એકબીજાથી ચડિયાતી રીતે જનસેવાની હુંકાર ભરતાં થાકતા નથી અને જાહેર ધનસંપદા લૂંટાવવાની જાહેરાતો કરતા રહે છે. બોલી લાગવાના માહોલ જેવી આ કવાયત ચૂંટાયેલી સરકારના બજેટની યાદ દેવડાવે છે. નેતાગણ એ નથી જણાવતા કે આ ખર્ચાઓ માટે રાજસ્વ અને સંસાધનનો જુગાડ કેવી રીતે થશે અને આ બધું ક્યાંથી આવશે? ચૂંટણી આચાર સંહિતાનો તોડ કાઢી લેવાય છે. આચાર સંહિતા હજુ પણ પર્યાપ્ત પ્રભાવ નથી દેખાડી શકતી. ખાસ કરીને લલચામણી અતિરેકભરી ઘોષણાઓથી છૂટકારો મેળવવાનો હાલમાં કોઈ ઉપાય નથી દેખાઈ રહ્યો.

ચૂંટણીની ચર્ચામા ંદેશ, દેશના ભવિષ્ય અને દેશની નીતિઓના સવાલ ગાયબ રહે છે. તમામ રાજકીય પક્ષ એકબીજા પર દોષ મઢવા ઉતાવળા રહે છે. તુતુ-મૈંમૈં કરતાં વાત વધીને વ્યક્તિગત અપમાન અને લાંછન પર આવી જાય છે. નેતાઓ પર ભદ્ર-અભદ્ર આરોપ લાગે છે અને સભ્ય શિષ્ટ આચરણથી ભટકીને સાચા-ખોટા વાદ-વિવાદ ફેક્ટર બની જાય છે. ચૂંટણી દંગલમાં રેલી, રોડ શો વગેરેનાં આયોજન કરતાં રાજકીય પક્ષ પોતાનો દમખમ દેખાડવાનો સ્વાંગ કરે છે. એ દરમ્યાન ટ્રાફિક અને જનસુવિધાઓ ચોક્કસ ઠપ્પ થઈ જાય છે. ઉલ્લેખનીય છે કે ઘોષિત થઈ રહેલ સુવિધાઓનું ઉપરછલ્લું આકલન અને આખ્યાન જનતાને મફતખોરીના રસ્તે ચડાવવામાં કોઈ કસર નથી મૂકતી. વંચિત-ઉપેક્ષિત સમુદાયો માટે અનામતનું બ્રહ્માસ્ત્ર ચલાવવામાં આવે છે અને જાતિગત અનામતની જોગવાઈ નિરંતર વ્યાપક કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે બંધારણની આ વ્યવસ્થા અલ્પકાળ માટે જ કરવામાં આવી હતી. વોટબેંકની અંદર રાજનીતિને આશ્રય આપતાં તેનો વિસ્તાર વિવિધ પ્રકારે વધારવામાં આવતો રહ્યો. ભારતમાં જાતિમુક્ત સમાજના લ-યને જાતિની સત્તાની તીવ્ર પુષ્ટિની નીતિઓથી પ્રાપ્ત કરવાની અવિરત ચેષ્ટાના અંતર્વિરોધ વારંવાર સામે આવતા રહે છે, પરંતુ સમાધાન માટે ધ્યાન નથી આપી શકાયું. રાજનીતિની દષ્ટિએ આ નફાનો સોદો નથી લાગતો અને યોગ્યતા અને અવસરનો તાલમેલ બેસાડવાની કોશિશ નિષ્ફળ જાય છે.

ચૂંટણીઓનું આયોજન અને ત્યારબાદ સરકાર બનાવવી લોકતંત્રના ખાસ ઉપકરણ છે, જેનો ઉપયોગ લોકતંત્રને અને લોકની ગરિમાને સુરિક્ષત અને સંવર્ધિત કરવા માટે થવો જોઈએ. દેશના હિતમાં સમાજના વિધાનનો કોઈ વિકલ્પ નથી. રાજનીતિ એક સેવાધર્મી ઉપક્રમ હોવો જોઈએ, જેનું દીર્ઘકાલીન નિયોજન જરૂરી છે. સામાન્ય જીવનમાં તેના પ્રત્યે ઉદાસીનતાના ભાવે રાજનીતિમાં મૂલ્યહીનતાને ઉત્તેજન આપ્યું છે. આજે ભારત એક સશક્ત રાષ્ટ્ર રૂપે ઊભરી રહ્યું છે. આ અવસર પર રાજનીતિમાં મૂલ્યોની પુનઃસ્થાપના જરૂરી થઈ ગઈ છે. તમામ અંશભાગીઓ માટે આ દિશામાં વિચાર કરવો જરૂરી છે.

# કબડ્ડી ઈતિહાસના ટોપ ૧૦ રેઈડર્સ વિષે જાણો..



(જી.એન.એસ) નવીદિલ્હી,તા.૨૮

કબડ્ડી ભારતમાં લોકપ્રિય રમત છે. તે એક શારીરિક કૌશલ્ય અને વ્યૂહરચના ધરાવતી ગેમ છે અને દરેક ઉંમરના લોકો તેનો આનંદ માણે છે. પ્રો કબડ્ડી લીગની સફળતાને કારણે ભારતમાં આ રમતની લોકપ્રિયતામાં તાજેતરમાં વધારો જોવા મળ્યો છે. ત્યારે હવે ૨ ડિસેમ્બરથી કબડ્ડી લીગ સિઝન ૧૦ની શરુઆત થવા જઈ રહી છે. જોકે તે પહેલા કબડ્ડી લીગ ઈતિહાસમાં કબડ્ડીના ટોપ ૧૦ રેઈડર્સ કોણ રહ્યા ચાલો જાણી લઈએ કે કબડ્ડીના ઈતિહાસમાં ટોપ ૧૦ રેઈડર્સ કોણ છે?..

૧) પ્રદીપ નરવાલ : પ્રદીપ નરવાલ, જે "ડુબકી કિંગ" તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ભારતના એક વ્યાવસાયિક કબડ્ડી ખેલાડી છે અને ગયા વર્ષે પ્રો કબડ્ડી લીગ ૨૦૨૨ સીઝન ૯માં યુપી યોદ્ધાસ માટે રમ્યો હતો. નરવાલે ૨૦૧૪માં તેનું દ્રન્-ડેબ્યૂ કર્યું હતું અને તે ઝડપથી લીગના શ્રેષ્ઠ રેઈડર્સમાંનો એક બની ગયો હતો. લીગની શરૂઆતથી તે પટના પાઈરેટ્સ ટીમનો ભાગ રહ્યો અને તેણે ૨૦૧૬ અને ૨૦૧૭માં પીકેએલ ચેમ્પિયનશિપ સહિત અનેક ટાઈટલ જીતવામાં ટીમને મદદ કરી છે. ૧૫૩ મેચમાંથી તેના કુલ રેઈડ પોઈન્ટ ૧૫૬૮ સાથે ટોચના સ્થાને છે..

૨) મનિન્દર સિંહ : કબડ્ડીમાં મનિન્દર સિંઘની સફર ત્યારે શરૂ થઈ જ્યારે તેની રાજ્યની ટીમમાં રમવા માટે તેને પસંદ કરવામાં આવ્યો અને તેણે ઝડપથી પોતાની જાતને એક મુખ્ય ખેલાડી તરીકે સ્થાપિત કરી. ૩૯% ટેકલ સ્ટ્રાઈક રેટ ધરાવનાર રેઈડર માત્ર ૧૨૨ મેચોમાં કુલ ૧૨૩૧ રેઈડ પોઈન્ટની હાસલ કરીને તમામ રેકોર્ડ તોડ્યા છે અને તે ટોપ ૧૦ પ્લેયરમાં બીજા સ્થાને છે. રમતગમતમાં મનિન્દર સિંઘની સફળતાને કારણે તેની ભારતીય રાષ્ટ્રીય ટીમ માટે પસંદગી થઈ, જ્યાં તેણે ઘણી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ પણ કર્યું..

૩) રાહુલ ચૌધરી : રાહુલ ચૌધરી ભારતના સૌથી લોકપ્રિય કબડ્ડી ખેલાડીઓમાંનો એક છે. પ્રો કબડ્ડી લીગની સત્તાવાર વેબસાઈટ અનુસાર, રાહુલ ચૌધરીના કુલ રેઈડ પોઈન્ટ ૧૫૬૮ છે અને મેચોની કુલ સંખ્યા ૧૫૩ છે. ચૌધરીએ પ્રો કબડ્ડી લીગની પ્રથમ સિઝનમાં તેલુગુ ટાઈટન્સ સાથે તેની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમની પ્રો કબડ્ડી કારકિર્દીમાં, ચૌધરીએ ૨૦૧૬ અને ૨૦૧૮ સીઝનમાં "બેસ્ટ રાઈડર ઓફ ધ સીઝન" એવોર્ડ સહિત ઘણા પુરસ્કારો જીત્યા છે..

૪) દીપક નિવાસ હુડ્ડા : દીપક નિવાસ હુડ્ડા ભારતના ફેમસ કબડ્ડી ખેલાડી છે. તે પ્રો કબડ્ડી લીગમાં તેની રેઈડિંગ શૈલી માટે ખૂબ જ પ્રખ્યાત છે. તે પટના પાઈરેટ્સ, તેલુગુ ટાઈટન્સ અને જયપુર પિંક પેન્થર્સ સહિત ઘણી ટીમો માટે રમ્યો છે. દીપક નિવાસ હુડ્ડા પ્રો કબડ્ડી લીગના ઈતિહાસમાં કુલ ૧૫૭ મેચોમાં ૧૦૨૦ રેઈડ પોઈન્ટ સાથે ચોથા ક્રમે છે. તે ભારતીય રાષ્ટ્રીય કબડ્ડી ટીમનો નિયમિત સભ્ય રહ્યો છે. તેણે ૨૦૧૭ એશિયન કબડ્ડી ચેમ્પિયનશિપ, ૨૦૧૬ કબડ્ડી વર્લ્ડ કપ અને ૨૦૧૬ સાઉથ એશિયન ગેમ્સ સહિત અનેક આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં ભાગ લીધો છે. તેણે ૨૦૧૬ કબડ્ડી વર્લ્ડ કપમાં બેસ્ટ રાઈડર એવોર્ડ સહિત અનેક એવોર્ડ મેળવ્યા છે..

૫) પવન સેહરાવત : પવન સેહરાવત તેની આક્રમક ચઢાઈ કરવાની શૈલી અને તેની ટીમ માટે પોઈન્ટ મેળવવાની ક્ષમતા માટે જાણીતો છે. તેના ચપળ અને મહેનતુ સ્વભાવે તેને માત્ર ૧૦૫ મેચમાં કુલ ૯૮૭ રેઈડ પોઈન્ટ સાથે ટોચના રેઈડર્સની યાદીમાં પાંચમાં સ્થાને છે. પ્રો કબડ્ડી લીગમાં, તે ટોચના રેઈડર્સમાંનો એક રહ્યો છે, તેણે તેની ટીમ માટે સતત પોઈન્ટ બનાવ્યા અને તેમને મેચ જીતવામાં મદદ કરી..

૬) નવીન કુમાર : નવીન કુમાર એક કુશળ અને ફેમસ કબડ્ડી પ્લેયર છે જેણે ભારતીય કબડ્ડીમાં પોતાનું નામ બનાવ્યું છે. નવીન કુમારે આજ સુધી રમાયેલી ૮૫ મેચોમાં કુલ ૯૩૪ રેઈડ પોઈન્ટ મેળવ્યા સાથે તેને લીગના શ્રેષ્ઠ રેઈડર્સમાં ગણવામાં આવે છે. નવીન કુમારે લીગમાં સાતત્યપૂર્ણ પ્રદર્શન કર્યું છે અને ઘણી વખત તેની ટીમને ફાઈનલમાં પહોંચવામાં મદદ કરી છે. તેને ઘણી વખત 'મેન ઓફ ધ મેચ' ખિતાબથી નવાજવામાં આવ્યો છે અને લીગના ટોચના ખેલાડીઓમાં એક નવીન કુમારનુ પણ નામ છે..

૭) અજય ઠાકુર : અજય ઠાકુર ભારતના કુશળ અને પ્રતિભાશાળી કબડ્ડી પ્લેયર છે. ૨૦૦૭ થી તે ભારતીય રાષ્ટ્રીય કબડ્ડી ટીમ અને એશિયન ગેમ્સ અને દક્ષિણ આફ્રિકા જેવી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં રમ્યો છે. એશિયન ગેમ્સમાં તેણે અનેક ગોલ્ડ મેડલ જીત્યા છે. તેણે કુલ ૧૨૦ મેચમાં ૭૯૪ રેઈડ પોઈન્ટ બનાવ્યા છે અને તે હજુ ચાલુ છે. ઠાકુરને પીકેએલના શ્રેષ્ઠ રેઈડર્સમાંથી એક ગણવામાં આવે છે..

૮) સચિન તંવર : સિઝન ૯ પ્રો કબડ્ડી લીગમાં પટના પાઈરેટ્સ તરફથી સચિન રમ્યો હતો. તેણે પીકેએલના ઈતિહાસમાં ટોચના ૧૦ રેઈડર્સની યાદીમાં પોતાનો સમાવેશ કર્યો છે. કબડ્ડી ખેલાડીએ પ્રો કબડ્ડી લીગની સિઝન ૫ માં તેની પ્રો કબડ્ડી લીગની શરૂઆત કરી હતી અને ૨૦૧૭ માં તેની ભારતીય રાષ્ટ્રીય કબડ્ડી ટીમ માટે પણ પસંદગી કરવામાં આવી હતી. તંવર ૧૦૬ પ્રો કબડ્ડી લીગ મેચોમાં એકંદરે ૭૮૧ રેઈડ પોઈન્ટનો રેકોર્ડ ધરાવે છે..

૯) વિકાસ કંડોલા : કંડોલાએ તેની સમગ્ર કબડ્ડી કારકિર્દી દરમિયાન તેની નિર્ભીક શૈલી અને આક્રમક ચઢાઈ માટેની યોજના બનાવવા માટે ફેમસ છે. તે તેની ઝડપી ગતિ, ચપળતા અને એક સાથે અનેક ડિફેન્ડર્સનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે. વિકાસ કંડોલાએ અત્યાર સુધી ૧૦૧ મેચમાં કુલ ૭૩૨ રેઈડ પોઈન્ટ્સ મેળવ્યા છે..

૧૦) રોહિત કુમાર : રોહિત કુમાર ૨૦૧૪ માં લીગની શરૂઆતથી બેંગલુરુ બુલ્સ માટે રમ્યો છે અને તે પટના પાઈરેટ્સ અને તેલુગુ ટાઈટન્સ માટે પણ રમ્યો છે અને ટીમો માટે મુખ્ય ખેલાડી રહ્યો છે. રોહિત કુમાર કે જેણે શ્રેષ્ઠ રેઈડર્સમાંથી એક તરીકે પોતાનું નામ બનાવ્યું છે તેણે ૧૦૧ લીગ મેચોમાં કુલ ૬૮૩ રેઈડ પોઈન્ટ બનાવ્યા છે. તે એક સર્જનાત્મક ખેલાડી તરીકે ઓળખાય છે જે હંમેશા પરિસ્થિતિનો સામનો કરવા માટે નવી રીતો વિશે વિચારે છે..

### સમગ્ર રાજ્યમાં સાવચેતી રાખવા આદેશ કરાયા

# ચીનમાં ફેલાઈ રહેલી નવી બીમારીને લઈ રાજ્યનું આરોગ્ય વિભાગ હરકતમાં

ગાંધીનગર, તા.૨૮

ચીનમાં નવી ઊભી થયેલી બીમારી સંદર્ભે રાજ્યનો આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યો છે. ગુજરાતના આરોગ્ય કમિશનરે પરિપત્ર જાહેર કરી સમગ્ર રાજ્યમાં સાવચેતી રાખવા આદેશ કર્યા છે. ગુજરાતના તમામ જિલ્લા આરોગ્ય અધિકારી, મહાનગરના આરોગ્ય અધિકારી અને સિવિલ હોસ્પિટલના વડાઓને પત્ર લખીને તકેદારી રાખવા માટે સૂચનો કરવામાં આવ્યા છે. ઈન્ફ્લ્યુએન્ઝા, માયકોપ્લાઝમા ન્યૂમોનિયા SARS - CoV- 2 જેવા રોગોથી સાવચેત રહેવા સૂચના અપાઈ છે.ચીનમાં બાળકોમાં આ પ્રકારની શ્વસનની બીમારી જેવા રોગો જોવા મળી રહ્યા છે. આ નવા રોગે ચીનમાં હાહાકાર મચાવી દીધો છે. હોસ્પિટલમાં સ્ટાફ, બેડ, દવાઓ અને ટેસ્ટિંગની ઉપલબ્ધતા ચકાસી રિપોર્ટ કરવા આદેશ કરવામાં આવ્યા છે. હોસ્પિટલમાં રહેલા ઓક્સિજન પ્લાન્ટની ક્ષમતા અને કાર્યક્ષમ કરીને રિપોર્ટ કરવા આદેશ આપવામાં આવ્યા છે. વેન્ટિલેટર, પિપિઈ કીટ અને એન્ટીવાયરલ દવાઓ પૂરતા પ્રમાણમાં રાખવા આદેશ કરવામાં આવ્યો છે. આઈસોલેશન વોર્ડ તાત્કાલિક શરૂ કરી શકાય તેવી તૈયારી રાખવા પણ પત્રમાં ઉલ્લેખ કરાયો છે.

રાજ્ય સરકાર દ્વારા પત્ર લખી નીચે પ્રમાણે સૂચનો આપવામાં આવ્યા છે.

- આપની સંસ્થા ખાતે કાર્યરત તમામ વસ્તુઓને અપડેટ કરવી તથા ફંકશનીંગ કરવી
- આપશ્રીના સંસ્થા ખાતેના PSA પ્લાન્ટ, લીક્વીડ ઓકસીજન પ્લાન્ટ, O2 કોન્સનટ્રેટર કાર્યરત છે કે કેમ તે સુનિશ્ચિત કરી તાત્કાલિક કાર્યરત કરવા જણાવવામાં આવે છે.
- ફાયર સેફટી, ઈન્સ્ટૂમેન્ટ સેફટી ઓડીટ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.
- Operational Guidelines for Revised Surveillance Strategy in context of covid 19 ના અમલીકરણ અને સમીક્ષા અવશ્ય કરવી તેમજ ખાનગી હોસ્પિટલમાં આરોગ્ય સુવિધાઓ અને મેડિકલ કૉલેજ હોસ્પિટલો સહિતની આરોગ્ય સુવિધાઓ પણ સુનિશ્ચિત કરવું.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પ્રેમ સૌથી કરો, વિશ્વાસ થોડાનો કરો પરંતુ કોઈનુંય કદાપિ ખરાબ ન કરવું.

- શેક્સપિયર

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક વદ-૧ ઈષ્ટી તા.૨૮ નવેમ્બર ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૧૪, રોહિણી નક્ષત્ર, સિધ્ધ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૭:૧૫, સૂ.અ.૬:૦૩

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), રાત્રે ૧:૪૧ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ચિંતાનો ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું.
વૃષભ:ભાગીદારથી લાભ થાય. પ્રિય પાત્રનો સહકાર મળે.
મિથુન:નાણાંભીડ તીવ્ર બને. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
કર્ક: કાર્યબોજ હળવું બને. નવિન શુભ સમાચાર મળે.
સિંહ: પુરૂષાર્થ, પણ વિશેષ ફળ મળે. પ્રવાસમાં લાભ થાય.
કન્યા: મનમાં વ્યર્થ ક્રોધ રહે. સ્નેહી, પાડોશીથી સંઘર્ષ ટાળવો.
તુલા: વાહન-મકાનની ખરીદી થાય. લાભની તક સાંપડે. મિલન-મુલાકાતમાં સફળતા રહે.
વૃશ્ચિક:વ્યવસાયિક કાર્યો સફળ થાય. માનસિક ચિંતા રહે.
ધન: નાણાંભીડ અનુભવાય. ભાઈ-ભાંડુથી લાભ થાય.
મકર: નવિન આયોજન કરી શકશો.
કુંભ: જમીન-મકાનને લગતા કાર્યો થાય. ધન ખર્ચ થાય.
મીન: સ્નેહિથી મિલન, સંતાનોથી લાભ. મન પ્રફુલિત રહે.

# કોઈ પ્રોપર્ટીના ટાઈટલ ટ્રાન્સફર માટે રજિસ્ટર્ડ દસ્તાવેજ હોવો જરૂરી છે

નવી દિલ્હી, તા.૨૮

પ્રોપર્ટીના ટાઈટલ ટ્રાન્સફર અંગે સુપ્રીમ કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. એક કેસની સુનાવણી કરતા કહ્યું કે કોઈ પ્રોપર્ટીના ટાઈટલ ટ્રાન્સફર માટે રજિસ્ટર્ડ દસ્તાવેજ હોવો જરૂરી છે. કોર્ટના જણાવ્યાં મુજબ ફક્ત સેલ એગ્રીમેન્ટ કે પાવર ઓફ એટોર્નીને ટાઈટલ ટ્રાન્સફર માટે પૂરતા ગણી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું કે રજિસ્ટ્રેશન એક્ટ ૧૯૦૮ હેઠળ સંપત્તિનો માલિકી હક ત્યારે જ થઈ શકે જ્યારે રજિસ્ટર્ડ દસ્તાવેજ હોય. કોર્ટે જે મામલે ચુકાદો આપ્યો છે તેમાં અરજીકર્તાનું કહેવું છે કે તે સંપત્તિનો માલિક છે અને સંપત્તિ તેના ભાઈ દ્વારા તેને ગિફ્ટ ડીડ તરીકે આપવામાં આવી હતી. તેનું કહેવું હતું કે આ સંપત્તિ તેની છે અને કબજો પણ તેનો છે. જ્યારે બીજા પક્ષે સંપત્તિ પર દાવો કરતા કહ્યું કે તેના પક્ષમાં પાવર ઓફ એટોર્ની, સોગંદનામું અને એગ્રીમેન્ટ ટુ સેલ છે. બીજા પક્ષના જવાબમાં અરજીકર્તાનું કહેવું હતું કે જે દસ્તાવેજો આધારે પ્રતિવાદીએ દાવો કર્યો તે માન્ય નથી. તેમણે કહ્યું કે અચલ સંપત્તિનો માલિકી હક રજિસ્ટર્ડ દસ્તાવેજ વગર હોઈ શકે નહીં. સુપ્રીમ કોર્ટે પણ આ વાત સાથે સહમતિ જતાવતા કહ્યું કે રજિસ્ટર્ડ દસ્તાવેજ વગર અચલ સંપત્તિનો માલિકી હક ટ્રાન્સફર થઈ શકે નહીં આથી પ્રતિવાદીના દાવાને ફગાવવામાં આવે છે. આ સાથે જ કોર્ટે અરજીકર્તાની અપીલ પણ સ્વીકારી લીધી. પાવર ઓફ એટોર્ની એક રીતે કાનૂની અધિકાર હોય છે. જે કોઈ પ્રોપર્ટીના માલિક દ્વારા કોઈ અન્ય વ્યક્તિને આપવામાં આવે છે. પાવર ઓફ એટોર્ની મળવાથી તે વ્યક્તિ તે પ્રોપર્ટીની ખરીદી કે વેચાણ સંબંધિત નિર્ણય લઈ શકે છે. પરંતુ આ પ્રોપર્ટીનો માલિકી હક બિલકુલ કહી શકાય નહીં. એગ્રીમેન્ટ ટુ સેલ એ દસ્તાવેજ છે જેમાં ખરીદદાર અને વેચાણ કરનાર વચ્ચે પ્રોપર્ટી સંલગ્ન તમામ માહિતી હોય છે. તેમાં પ્રોપર્ટીની કિંમત અને ફૂલ પેમેન્ટ વિશે તમામ જાણકારી નોંધાયેલી હોય છે.

# મહુઆ મોઈત્રાની મુસીબતો વધી શકે...

# CBIએ TMC MP સામે તપાસ શરૂ કરી

(જી.એન.એસ) નવીદિલ્હી,તા.૨૮




તૃણમૂલ કોંગ્રેસના લોકસભા સાંસદ મહુઆ મોઈત્રાની મુસીબતો પૈસા બદલ પ્રશ્નોના મામલે વધી શકે છે. હવે સીબીઆઈએ આ કેસમાં પ્રાથમિક તપાસ શરૂ કરી છે. સીબીઆઈના સૂત્રોના જણાવ્યા અનુસાર, તપાસ એજન્સીએ ભ્રષ્ટાચાર વિરોધી લોકપાલના નિર્દેશ પર મહુઆ મોઈત્રા વિરુદ્ધ પ્રાથમિક તપાસ નોંધી છે. બીજેપી સાંસદ નિશિકાંત દુબેએ મહુઆ મોઈત્રા પર આરોપ લગાવ્યો છે કે ટીએમસી સાંસદે સવાલ પૂછવા માટે બિઝનેસમેન દર્શન હિરાનંદાની પાસેથી લાંચ લીધી હતી. ભાજપના સાંસદે આ સમગ્ર મામલાની ફરિયાદ એન્ટી કરપ્શન લોકપાલને પણ કરી હતી. સાંસદે મોઈત્રા પર નાણાકીય લાભ માટે રાષ્ટ્રીય સુરક્ષા સાથે સમાધાન કરવાનો પણ આરોપ લગાવ્યો છે. હાલમાં લોકસભાની એથિક્સ કમિટી મોઈત્રા સામેના આ ગંભીર આરોપોની તપાસ કરી રહી છે. તાજેતરમાં કમિટીએ આ મામલે મોઈત્રાની પૂછપરછ પણ કરી હતી. સીબીઆઈ હવે આ કેસની પ્રાથમિક તપાસમાં એ જાણવાનો પ્રયાસ કરશે કે શું ટીએમસી સાંસદ પર લાગેલા આરોપો સંપૂર્ણ તપાસ કરવા યોગ્ય છે કે નહીં. આ સમય દરમિયાન, જો સીબીઆઈને ટીએમસી સાંસદ વિરુદ્ધ પુરાવા મળશે, તો સીબીઆઈ સંપૂર્ણ રીતે તપાસમાં સામેલ થશે અને કેસને એફઆઈઆરમાં ફેરવી શકે છે... બીજેપી સાંસદ નિશિકાંત દુબેએ આરોપ લગાવ્યો છે કે ભેટના બદલામાં મોઈત્રાએ અદાણી ગ્રૂપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નિશાન બનાવવા માટે હિરાનંદાનીના કહેવા પર સંસદમાં પ્રશ્નો પૂછ્યા હતા. બીજી તરફ ટીએમસી સાંસદે તેમના પર લાગેલા આરોપોને ફગાવી દીધા છે. તેમનો દાવો છે કે તેમને જાણી જોઈને નિશાન બનાવવામાં આવી રહ્યા છે કારણ કે તેમણે અદાણી ગ્રૂપ સાથે સંબંધિત ડીલ પર સવાલો ઉઠાવ્યા હતા. આ મામલે મહુઆ મોઈત્રા ૨ નવેમ્બરે લોકસભાની એથિક્સ કમિટી સમક્ષ હાજર થઈ હતી. મહુઆ મોઈત્રા લગભગ દોઢ કલાક સુધી સમિતિના પ્રશ્નોના જવાબ આપતા રહ્યા. આ દરમિયાન તેણે આરોપોને નકારી કાઢ્યા હતા. બેઠકમાં ગૃહ મંત્રાલય અને વિદેશ મંત્રાલયના અહેવાલો પર ચર્ચા કરવામાં આવી હતી. મહુઆ મોઈત્રાએ એથિક્સ કમિટીની સામે શું કહ્યું? જે વિષે જણાવીએ, મળતી માહિતી મુજબ, મોઈત્રાએ સમિતિ સમક્ષ પોતાની દલીલ આપતાં કહ્યું હતું.

# ઈઝરાયેલ-હમાસ ડીલ : 'યુદ્ધવિરામ' અને બંધકોની મુક્તિ પાછળની વ્યૂહરચના

(એજન્સી) તા.૨૮

ઈઝરાયેલ અને હમાસે જાહેરાત કરી હતી કે તેઓ એક સોદા ઉપર સંમત થયા છે જેના દ્વારા હમાસ જૂથ ગાઝામાં લડાઈમાં વિરામના બદલામાં કેટલાક ઈઝરાયેલી બંધકોને મુક્ત કરશે, સાથે તે ડઝનેક પેલેસ્ટીની કેદીઓને મુક્ત કરશે. બીજા દિવસે, શુક્રવાર પહેલા આ ડીલ કાર્યરત નહીં થાય તેવું સામે આવ્યું હતું. બંધકોની મુક્તિ માટેની ઓપરેશનલ યોજનાને હજી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. આ સોદો યુદ્ધમાં પ્રથમ મોટો વિરામ હશે, અને લાંબા સમય સુધી વિરામ અને યુદ્ધવિરામની શક્યતા પણ છે. પ્રથમ, ઈઝરાયેલ તેની કામગીરી ચાર દિવસ માટે અટકાવશે, અને દરરોજ, બંધકોના એક જૂથને રેડ ક્રોસ દ્વારા ઈજિપ્ત સાથે રફાહ ક્રોસિંગ ઉપર લાવવામાં આવશે જ્યાં ઈઝરાયેલીઓ દ્વારા તેમની ઓળખ કરવામાં આવશે. દરમ્યાન ઈઝરાયેલ ચાર દિવસમાં ફરી ચાર જૂથોમાં ૧૫૦ પેલેસ્ટીની મહિલાઓ અને બાળકો કેદીઓને મુક્ત કરશે. ઈઝરાયેલ ૩૦૦ સહાય ટ્રક અને વધુ ઈંધણને ઈજિપ્તથી ગાઝામાં પ્રવેશવાની મંજૂરી આપશે. બીજા તબક્કામાં, હમાસ વધુ મહિલાઓ અને બાળકો તેમજ વૃદ્ધોને મુક્ત કરી શકે છે અને ઈઝરાયેલ દરેક વધારાના ૧૦ બંધકોને મુક્ત કરવા માટે એક દિવસ વિરામ લંબાવશે અને તે માટે ૩૦ પેલેસ્ટીની કેદીઓને પણ મુક્ત કરશે. હમાસ અને તેના સાથી જૂથોએ ૨૪૦થી વધુ લોકોને બાનમાં લીધા હતા ત્યારથી, માત્ર ચાર બંધકોને મુક્ત કરવામાં આવ્યા છે. એકને ઈઝરાયેલી દળોએ બચાવી લીધો હતો અને બે મૃત મળી આવ્યા હતા. સાત અઠવાડિયાના યુદ્ધમાં આ પ્રથમ યુદ્ધવિરામ ઈજિપ્ત દ્વારા સહાયિત યુએસ અને કતાર દ્વારા સંચાલિત તીવ્ર મુત્સદ્દીગીરીને કારણે શક્ય બન્યું હતું. ઈઝરાયેલે તેની ગ્રાઉન્ડ કામગીરી શરૂ કરી તે પહેલાં જ, હુમલાને અટકાવવા અને બંધકોને પરત મેળવવાના પ્રયાસો શરૂ થઈ ગયા હતા. ઈઝરાયેલના નિર્ણયને તેની સંપૂર્ણ કેબિનેટ દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું અને સ્પષ્ટ કર્યું હતું કે આ વિરામ પછી, ઈઝરાયેલી સંરક્ષણ દળો યુદ્ધ ચાલુ રાખશે. હમાસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે યુદ્ધવિરામ માટે સંમત હોવા છતાં, અમારા વિજયી લડવૈયાઓ અમારા લોકોનો બચાવ કરવા અને ઈઝરાયેલને હરાવવા માટે લડતા રહેશે. નાગરિક જાનહાનિની કિંમતને ધ્યાનમાં લીધા વિના, ઈઝરાયેલીઓ હમાસ ઉપર સંપૂર્ણ વિજય ઈચ્છે છે. અમેરિકા "માનવતાવાદી વિરામ" (યુદ્ધવિરામ નહીં) માટે કહે છે અને પેલેસ્ટીનીઓ સુધી માનવતાવાદી સહાય પહોંચવાની જરૂરિયાત માટે કહે છે. બ્રિક્સ પ્લસની બેઠકમાં એક ભાષણમાં, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે યુદ્ધવિરામ અને ઈઝરાયેલ દ્વારા ગાઝાના લોકોને "સામૂહિક સજા"નો અંત લાવવા હાકલ કરી હતી અને વર્ચ્યુઅલ જી-૨૦ મીટિંગમાં, વડા પ્રધાન મોદીએ કહ્યું કે, અમે માનીએ છીએ કે આતંકવાદ આપણા બધા માટે અસ્વીકાર્ય છે. પરંતુ ક્યાંય પણ નાગરિકોના મોત નિંદનીય છે. તે મહત્વનું છે કે માનવતાવાદી સહાય સમયસર પહોંચવી જોઈએ. હાલમાં, બંને પક્ષોએ સ્પષ્ટ કર્યું છે કે જ્યારે બંધક ટ્રાન્સફર સમાપ્ત થશે ત્યારે યુદ્ધ ફરી શરૂ થશે. નેતાન્યાહુએ સ્પષ્ટ કર્યું છે કે ઈઝરાયેલ તેના લક્ષ્યોને પૂર્ણ ન કરે ત્યાં સુધી યુદ્ધ ચાલુ રાખવાનો ઈરાદો ધરાવે છે. જો કે, ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય દબાણ ઈઝરાયેલને એકવાર વિરામ શરૂ થયા પછી તેની લશ્કરી કામગીરીની ગતિ પાછી મેળવવાથી અટકાવશે. બંધકોની મુક્તિ પછી, બધાને મુક્ત કરવા માટે ઈઝરાયેલ ઉપર ઘરેલુ દબાણ વધશે. ઈઝરાયેલીઓ હવે દક્ષિણ ગાઝા તરફ જોઈ રહ્યા છે જે હવે ઉત્તરમાંથી આવેલા એક મિલિયન શરણાર્થીઓથી ભરાઈ ગયું છે. તેઓ હવે દક્ષિણના લોકોને "સેફ ઝોન"માં જવા માટે વિનંતી કરી રહ્યા છે. વ્હાઈટ હાઉસ હવે ઈઝરાયેલીઓને દક્ષિણના પગલાં સામે ચેતવણી આપી રહ્યું છે. પરંતુ તેમનો અત્યાર સુધીનો રેકોર્ડ જોતાં,



ઈઝરાયેલીઓ અમેરિકાની આ ચેતવણીને અવગણશે તેવી શક્યતા છે. અમેરિકનો ચિંતા કરી રહ્યા છે કે એકવાર ઈઝરાયેલ વિજય જાહેર કરશે ત્યારે શું થશે. સમસ્યા એ છે કે, નષ્ટ થયેલ ગાઝાને ચલાવવા અને પુર્નઃ નિર્માણ કરવાની જવાબદારી કોઈ ઈચ્છતું નથી. આરબો આ કરવા માંગતા નથી. પેલેસ્ટીન ઓથોરિટી પાસે ક્ષમતા નથી. ૧૯૫૦ના દાયકામાં, ભારત ગાઝામાં યુએન ઈમરજન્સી ફોર્સ (UNEF)નો ભાગ હતો. એક દાયકામાં શાંતિ રક્ષા મિશનમાં ૧૨,૦૦૦ ભારતીય સેનાના જવાનોની પ્રતિબદ્ધતા જોવા મળેલું મિશન બીજા આરબ-ઈઝરાયેલ યુદ્ધ પહેલાં ૧૯૬૭માં સમાપ્ત થયું હતું. પરંતુ હવે તે શંકાસ્પદ છે કે નવી દિલ્હી આ જટિલ વાતાવરણમાં આવા કાર્યને હાથમાં લેશે અથવા નહીં.

# મુસાફરો પાસેથી વધુ આવક મેળવવા માટે ભારતીય રેલવેએ AC કોચ વધારવા અને સ્લીપર અને સેકન્ડ ક્લાસ ઘટાડવા જરૂરી છે : ડેટા



નવી દિલ્હી તા.૨૮

આ વર્ષે ૨૨ નવેમ્બર, ૨૦૨૩ના રોજ પ્રકાશિત થયેલ 'એસી કોચ સ્લીપર અને સેકન્ડ ક્લાસના ખર્ચ' શીર્ષક ધરાવતા ડેટા પોઈન્ટમાં દલીલ કરવામાં આવી હતી કે, મુસાફરોને સ્લીપર અને સેકન્ડ ક્લાસની સીટો મેળવવામાં મુશ્કેલી પડી શકે છે કારણ કે, તેમના સ્થાને છ્ઝ કોચ લાવવામાં આવી રહ્યા છે. ઉપરાંત, સ્લીપર અને એસી કોચની ટિકિટના ભાવો વચ્ચેના વિશાળ અંતરને જોતાં મુસાફરોને વધુ ખર્ચ કરવાની ફરજ પડી શકે છે. આ દલીલો મુસાફરોના એંગલથી કરવામાં આવી હતી. બીજી બાજુ, શા માટે ભારતીય રેલવે વધુ કિંમતના એસી કોચ માટે દબાણ કરી રહ્યું છે ? આ એક એવું પગલું છે જે તેની સામાજિક સેવાની જવાબદારીઓ અને યોગ્યતાને અવરોધે છે. ભારતીય રેલવે આર્થિક રીતે મુશ્કેલ સ્થિતિમાં છે. ખાનગી ચિંતાઓથી વિપરીત, રેલવે બિન-આર્થિક લાઈનમાં ચાલતી ટ્રેનોથી દૂર રહી શકતી નથી, ન તો તેઓ સૌથી વધુ સસ્તા વર્ગના ભાડામાં વધારો કરી શકે છે. તેના કારણે રેલવે દ્વારા કરવામાં આવતી ટિકિટના વેચાણ જેવા આંતરિક સંસાધનોમાંથી આવકનું ઉત્પાદન ઝડપી ગતિએ ઘટી રહ્યું છે. આંતરિક આવકને પણ કોવિડ-૧૯ રોગચાળાને કારણે વધુ નુકસાન થયું હતું. ભારતીય રેલવેનો ઓપરેટિંગ રેશિયો (OR) રૂા.૧૦૦ની કમાણી કરવા માટેનો ખર્ચ દર્શાવે છે. FY15 અને FY16માં, OR લગભગ રૂા.૯૦ હતો. તે પછીના વર્ષોમાં વધીને રૂા.૯૮ થઈ, જે FY22માં વધીને રૂા.૧૦૭ થઈ ગયો છે. તેનો અર્થ એ થયો કે, FY22માં રેલવેએ રૂા.૧૦૦ કમાવવા માટે રૂા.૧૦૭ ખર્ચ્યા હતા. આટલા ઊંચા ORનું કારણ વિવિધ વર્ગોની પેસેન્જર સેવાનું સંચાલન કરતી વખતે રેલવેને થતી ખોટ છે. એસી ૩-ટાયર કોચ વધારવાના રેલવેના તાજેતરના પ્રયોગને તે માન્ય કરે છે. સ્લીપર કોચના ઘટાડા અંગેના બહુવિધ પ્રશ્નો માટે લોકસભામાં રેલવે મંત્રાલયના જવાબો દર્શાવે છે કે, એસી કોચ ઉમેરવા એ 'વધારાની આવક મેળવવા' અથવા ઓછામાં ઓછું નુકસાન ઘટાડવા તરીકે જોવામાં આવે છે. રેલવે ખર્ચના મોરચે પણ સંકટનો સામનો કરી રહ્યું છે. ૭મા કેન્દ્રીય પગાર પંચની ભલામણોના અમલને કારણે તાજેતરના વર્ષોમાં પગાર અને પેન્શનનો હિસ્સો વધ્યો છે. FY15 અને FY22 વચ્ચે પેન્શન અને સ્ટાફ ખર્ચનો સંયુક્ત હિસ્સો ૬૦%થી વધીને ૬૯% થયો છે. આના પગલે કોવિડને કારણે આંતરિક આવકનું ઉત્પાદન પણ અવરોધાયું હતું. ઓછી આવકનો અર્થ એ છે કે, રેલવેએ તેમના મૂડી ખર્ચ (જેમ કે નવા ટ્રેક અને નવી ટ્રેનો) માટે LIC પાસેથી ભંડોળ અને બજારમાંથી ઉધાર લેવા જેવા વધારાના-બજેટરી સંસાધનો ઉપર આધાર રાખવો પડ્યો છે. રેલવેની કુલ આવક પ્રાપ્તિમાં આંતરિક સંસાધનોનો હિસ્સો FY15માં ૭૯%થી ઘટીને FY21માં ૪૮% થયો હતો, જ્યારે ભંડોળ ઊભું કરવા માટે EBS ઉપર નિર્ભરતા પાંચ%થી વધીને ૪૨% થઈ હતી. FY22માં રેલવે માટે રેકોર્ડ બજેટ ફાળવણીને કારણે GBSનો હિસ્સો ફરીથી વધ્યો, EBS ઉપરની નિર્ભરતામાં થોડો ઘટાડો થયો, પરંતુ આંતરિક સંસાધનોનો હિસ્સો યથાવત્ રહ્યો. માર્કેટના ઋણ ઉપર અવલંબનનો અર્થ છે વ્યાજ અને મુદ્દલની ચૂકવણીમાં વધારો થશે જે વધુ નુકસાન પહોંચાડશે.

# ઈન્ફલ્યુએન્ઝા જેવી બીમારી ફાટી નીકળવા અંગે WHOને સમયસર ચેતવણી આપવામાં ચીનની સદંતર નિષ્ફળતા

(એજન્સી) તા.૨૮

ચીનના હુબેઈ પ્રાંતની રાજધાની વુહાનમાં SARS-CoV-2 કોરોના વાયરસ ઉદ્‌ભવ્યાના લગભગ ચાર વર્ષ પછી, ઈન્ફલ્યુએન્ઝા જેવી બીમારી ફાટી નીકળ્યાના સમાચાર બેઈજિંગ, લિયાઓનિંગ અને ચીનના અન્ય સ્થળોએથી આવી રહ્યા છે અને ઑક્ટોબરના મધ્યભાગથી બીજા નવા વાયરસના ઉદભવ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. તે COVID-19 રોગચાળાના શરૂઆતના દિવસો જેવું લાગે છે. ચીને WHOને ઝડપથી ચેતવણી આપવામાં ઓછો રસ દાખવ્યો હતો. આજે પણ ચીનનું રાષ્ટ્રીય આરોગ્ય આયોગ WHOને બાળકોમાં મોટા પ્રમાણમાં ન્યુમોનિયાના અજાણ્યા કેસોની જાણ કરવામાં નિષ્ફળ ગયું હતું. ૨૦૧૯માં રોગચાળો ફાટી નીકળવાની અન્ય સમાનતાઓમાં સ્થાનિક મીડિયા અને પ્રોએમઈડી, ચેપી રોગોના ફાટી નીકળવા માટે જાહેરમાં ઉપલબ્ધ સર્વેલન્સ સિસ્ટમ, શ્વસનની બિમારીઓ વધ્યાના એક મહિનાથી વધુ સમય પછી જ ડબ્લ્યુએચઓને આ મુદ્દાની જાણ કરવામાં આવી છે. ૨૦૧૯ની જેમ WHOને વિગતવાર રોગશાસ્ત્ર અને ક્લિનિકલ માહિતી તેમજ બાળકોમાં ન્યુમોનિયાના કેસોના પ્રયોગશાળા પરિણામો માટે ચીનને વિનંતી કરવાની ફરજ પડી હતી. વૈશ્વિક આરોગ્ય સંસ્થાને માહિતગાર રાખવા માટે ચીનની અનિચ્છાનું એક કારણ એ હોઈ શકે છે કે શ્વસન બિમારીમાં વધારો ઈન્ફલ્યુએન્ઝા અને સામાન્ય બેક્ટેરિયલ અને વાયરલ ચેપ સહિતના જાણીતા પેથોજેન્સ દ્વારા હતો. ૨૩ નવેમ્બરના રોજ ચીન દ્વારા ડબ્લ્યુએચઓ સાથે શેર કરવામાં આવેલી વિગતો દર્શાવે છે કે મે મહિનાથી માયકોપ્લાઝ્મા ન્યુમોનિયા અને ઑક્ટોબરથી આરએસવી, એડેનો વાયરસ અને ઈન્ફલ્યુએન્ઝા વાયરસના કારણે બાળકોમાં કેસ અને હોસ્પિટલમાં દાખલ થવામાં વધારો થયો છે. જ્યારે આ વર્ષે બાળકોમાં બીમારીઓનું કારણ બનેલા બહુવિધ પેથોજેન્સ એ રોગચાળો નથી કે ક્લિનિકલ લક્ષણો અસામાન્ય નથી, ત્યારે આવા કેસોમાં વધારો ઐતિહાસિક રીતે આ મોસમમાં વહેલો થયો છે. આ એટલા માટે હોઈ શકે છે કારણ કે ગયા વર્ષે ડિસેમ્બરમાં COVID-19 પ્રતિબંધો દૂર કરવામાં આવ્યા પછી તે ચીનની પ્રથમ શિયાળાની મોસમ છે. ચીને દાવો કર્યો છે કે બાળકોમાં શ્વસન સંબંધી બિમારીની તપાસ અને રિપોર્ટિંગમાં વધારો મુખ્યત્વે માયકોપ્લાઝ્મા ન્યુમોનિયા સહિત વિવિધ પ્રકારના વાયરસ અને બેક્ટેરિયાને આવરી લેતી શ્વાસોચ્છવાસની બિમારીઓ માટે આઉટપેશન્ટ અને ઈનપેશન્ટ દેખરેખને કારણે છે. પરંતુ આ સ્વૈચ્છિક રીતે ડબ્લ્યુએચઓને ગયા મહિને અસામાન્ય રીતે વધુ સંખ્યામાં કેસ વિશે માહિતગાર રાખવામાં તેની નિષ્ફળતાને સમજાવતું નથી. ચીને ઓક્ટોબરમાં માયકોપ્લાઝ્મા ન્યુમોનિયામાં વધારો નોંધાવ્યો હતો, ત્યારે WHO એ માહિતી માટે વિનંતી કરી ત્યાં સુધી વર્તમાન રોગના કારણો ઓછા સ્પષ્ટ હતા. ડબ્લ્યુએચઓને પૂછ્યા વિના સમયસર તેને માહિતગાર રાખવા એ ચીનની ફરજ છે.

# એપલ ભારતમાં હેકિંગ જોખમની સૂચના તપાસમાં જોડાવા માટે નિષ્ણાંતોને મોકલશે

નવી દિલ્હી, તા.૨૮

એપલે છેલ્લા મહિને કેટલાક ભારતીયં રાજકારણીઓને ધમકીભરી સૂચનાઓ પ્રાપ્ત કરવાના મુદ્દાની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે નિષ્ણાતોની એક ટીમ મોકલી રહી છે જેમાં તેમને રાજ્ય-પ્રાયોજિત હેકર્સ દ્વારા તેમના ઉપકરણોને નિશાન બનાવવામાં આવ્યા હોવાની ચેતવણી આપવામાં આવી હતી. એપલની ટીમમાં ટેક્‌નિકલ અને સાયબર સુરક્ષા નિષ્ણાતોનો સમાવેશ થાય છે અને તે આ મુદ્દા ઉપર વધુ તપાસ કરવા ટૂંક સમયમાં ભારતની મુલાકાત લેશે, એમ વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યું હતું. ધમકીની સૂચનાની તપાસ હાલમાં ભારતીય કમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT-In) દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. ઓક્ટોબરમાં શિવસેના (UBT)ના પ્રિયંકા ચતુર્વેદી, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રા, કોંગ્રેસના પવન ખેરા અને શશિ થરૂર, આપના રાઘવ ચઢ્ઢા, CPI(M)ના સીતારામ યેચુરી અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સહિતના વિપક્ષી સાંસદોએ જણાવ્યું હતું કે, તેઓને એપલ તરફથી તેમના ઉપકરણોને રાજ્ય-પ્રાયોજિત હુમલાખોરો દ્વારા નિશાન બનાવવામાં આવી રહ્યા હોવાની સૂચના મળી. એપલે એવા વ્યક્તિઓને ખતરાની સૂચનાઓ મોકલી હતી જેમના ખાતા લગભગ ૧૫૦ દેશોમાં છે. કંપનીએ સ્પષ્ટતા કરી હતી કે, તે કોઈ ચોક્કસ રાજ્ય-પ્રાયોજિત હુમલાખોરને ધમકીની સૂચનાઓને આભારી નથી. શક્ય છે કે, કેટલીક એપલ ધમકી સૂચનાઓ ખોટા એલાર્મ હોઈ શકે. રાજ્ય-પ્રાયોજિત હુમલાખોરો ખૂબ જ સારી રીતે ભંડોળ ધરાવતા અને અત્યાધુનિક હોય છે અને તેમના હુમલા સમયાંતરે વિકસિત થાય છે. શક્ય છે કે, એપલની કેટલીક ધમકીની સૂચનાઓ ખોટા એલાર્મ હોઈ શકે અથવા કેટલાક હુમલાઓ શોધી ન શકાય, ટેક જાયન્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું. Appleએ કહ્યું હતું કે, તે અમને ધમકીની સૂચનાઓ આપવાનું કારણ શું છે તે વિશે માહિતી પ્રદાન કરવામાં અસમર્થ છે, કારણ કે, તે રાજ્ય-પ્રાયોજિત હુમલાખોરોને ભવિષ્યમાં તપાસ ટાળવા માટે તેમના વર્તનને અનુકૂલિત કરવામાં મદદ કરી શકે છે.

# જો તમે ૭૨ કલાક સુધી ભૂખ્યા રહો, તો તમારા શરીરનું શું થશે ?

(એજન્સી) તા.૨૮

સામાન્ય રીતે ૭૨ કલાકનો ઉપવાસ, જેને ત્રણ દિવસના પાણીના ઉપવાસ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેની શરીર ઉપર વિવિધ અસરો થઈ શકે છે. શરૂઆતમાં, તમારૂ શરીર ઉર્જા માટે સંગ્રહિત ગ્લાયકોજેનનો ઉપયોગ કરશે, જેના લીધે રકતમાં સુગરના સ્તરમાં ઘટાડો થશે. જો આ ઉપવાસ ચાલુ રહે છે તો, શરીર કીટોસિસમાં ફેરવાય છે, તે ઉર્જા માટે ચરબી બાળે છે. આ ચયાપચયની સ્થિતિ વજન ઘટાડવાને પ્રોત્સાહન આપી શકે છે. ઉપવાસ દરમ્યાન ઈન્સ્યુલિનના સ્તરમાં સંભવિત ઘટાડો થાય છે, જે ઈન્સ્યુલિનની સંવેદનશીલતામાં સુધારો કરે છે. ઓટોફેજી, જે એક પ્રક્રિયા છે અને તે શરીરમાં ક્ષતિગ્રસ્ત કોષોને દૂર કરે છે, તે પણ વધી શકે છે, જે કદાચ સેલ્યુલર સ્વાસ્થ્યને લાભ આપે છે. ૭૨-કલાકના ઉપવાસથી ૭,૦૦૦ કેલરીની ખાધ થાય છે જે લગભગ બે પાઉન્ડ ચરબીની સમકક્ષ હોય છે. જો લાંબા સમય સુધી આ કરવામાં આવે તો ૭૨-કલાકનો ઉપવાસ વજન ઉપર પ્રતિકૂળ અસર કરી શકે છે અને અનુકૂલનશીલ થર્મોજેનેસિસને કારણે વજનમાં વધારો કરી શકે છે. આવા ઉપવાસ દરમ્યાન પૂરતા પ્રમાણમાં પાણી, ઈલેક્ટ્રોલાઈટ, વિટામિન, ખનિજ લેવામાં આવે તેની ખાતરી કરવી જોઈએ. જો કે, લાંબા ઉપવાસથી નુકસાન થઈ શકે છે. પોષક તત્ત્વોની ઉણપ થઈ શકે છે, જે એકંદર આરોગ્યને અસર કરે છે. સ્નાયુના સમૂહને પણ નુકસાન થઈ શકે છે કારણ કે શરીર વૈકલ્પિક ઉર્જા સ્ત્રોતો શોધે છે. ડીહાઈડ્રેશન પણ ચિંતાનો વિષય છે, તેથી યોગ્ય પ્રવાહીનું સેવન કરવું નિર્ણાયક છે. ૭૨-કલાકનો ઉપવાસ સામાન્ય રીતે શરીરના ચયાપચયને કેટોન તરફ ધકેલે છે અને આ પેશાબના કીટોન બોડીઝ (ભૂખમરા કેટોસિસ)માં પ્રતિબિંબિત થાય છે. લાંબા સમય સુધી આવા ઉપવાસ કરવાની પદ્ધતિઓ જો દેખરેખ વિના કરવામાં આવે તો તે સામાન્ય રીતે જોખમી હોય છે. જો ડિહાઈડ્રેશન હોય, તો કિડનીમાં નુકસાન, હાયપોટેન્શન, એરિથમિયા અને હાયપર યુરિસેમિયા, લો સોડિયમ, કેલ્શિયમ, મેગ્નેશિયમ, કેશેક્સિયા/દુર્બળ સ્નાયુના જથ્થામાં ઘટાડો અને એસિડિક પેશાબ જેવા વિવિધ રોગવિષયક વિકારો થઈ શકે છે. ઉપવાસ સાથેના વ્યક્તિગત અનુભવો અલગ-અલગ હોય છે, અને લાંબા સમય સુધી ઉપવાસ કરતા પહેલા આરોગ્યસંભાળ વ્યવસાયિકની સલાહ લેવી જરૂરી છે, ખાસ કરીને તબીબી રીતે નબળા હોય તેવા લોકોએ અને ડાયાબિટીસ ધરાવતા લોકોએ ખાસ કરીને આવા આત્યંતિક ઉપવાસ ટાળવા જોઈએ. ડો. વર્માના જણાવ્યા મુજબ, નાના ઉપવાસથી સંભવિત સ્વાસ્થ્ય લાભો જોવા મળે છે, ત્યારે ખોરાક વિના લાંબા સમય સુધીનો સમયગાળો એ સાવચેતીપૂર્વક અને વિચારણા અને દેખરેખ હેઠળ કરવો જોઈએ. નિયંત્રિત ઉપવાસ, કેન્સર, હાર્ટ ફેલ્યોર, પાર્કિન્સન્સ/અલ્ઝાઈમર અને અન્ય ન્યુરોડિજનરેટિવ ડિસઓર્ડર નિવારણમાં ફાયદા દર્શાવે છે. સાનુકૂળ રોગપ્રતિકારક પ્રતિભાવો મળે છે. અમુક સમયગાળા માટે ઉપવાસ કરવાથી લીવર એન્ઝાઈમ પણ સુધરી શકે છે. જો નિયંત્રિત અને દેખરેખ હેઠળ ઉપવાસ કરવામાં આવે ત્યારે દીર્ઘાયુષ્ય, ઈન્સ્યુલિન સંવેદનશીલતા અને પ્રી-ડાયાબિટીક સ્થિતિમાં લાભ થાય છે.

# નવી શિક્ષણ નીતિના પગલે વર્ગ વધારા, ઘટાડાના નિયમોમાં સુધારો કરવા માંગ

અમદાવાદ, તા.૨૮

રાજ્યની સ્કૂલોમાં વર્ગ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે વર્ગ વધારા અને વર્ગ ઘટાડાના નિયમોમાં સુધારો કરવા માટે શૈક્ષિક મહાસંઘ દ્વારા શિક્ષણમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. જેમાં નવી શિક્ષણ નિતીના અમલના પગલે પરીક્ષા પદ્ધતિ સરળીકરણ કરવામાં આવી હોવાથી વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ પાસ થાય તેમાં હોવાથી ફેરફાર કરવો આવશ્યક હોવાનું જણાવાયું છે. વિદ્યાર્થીઓની સંખ્યાને જોતા શાળાઓને ગંભીર અસર ન થાય તે રીતે વર્ગ વધારા અને વર્ગ ઘટાડા અંગેના નિયમોમાં સુધારો કરવા માંગ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, નવી શિક્ષણ નિતી અંતર્ગત ધોરણ૧૦ તથા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં બોર્ડની જાહેર પરીક્ષાના પ્રશ્નોના પત્રો સરળીકરણ કરવામાં આવ્યા છે. જેમાં પરીક્ષાઓ કોચિંગ કે ગોખવાના બદલે ક્ષમતાઓ અને યોગ્યતાઓની ચકાસણી કરશે. જેના પરિણામ સ્વરૂપે ૨૦૨૪ના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના બોર્ડના પરિણામ બાદ સ્થગિતતા ઘટશે તે સ્વાભાવિક છે. જેથી આ બાબતને ધ્યાનમાં રાખીને બિનસરકારી અનુદાનિત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂન ૨૦૨૪માં ધોરણ-૧માં પ્રવેશની સંખ્યામાં વધારો થશે. આ ઉપરાંત પ્રાથમિક વિભાગમાંથી માધ્યમિક વિભાગમાં ૧૦૦ ટકા વિદ્યાર્થીઓ પ્રવેશ લે તે માટે ડ્રોપ ડાઉન રેશિયો ઘટાડવાના પણ પ્રયત્નો પુરજોશમાં રાજ્ય સરકાર દ્વારા ચાલી રહ્યા છે. આ બાબતોને જોતા તથા શિક્ષણનો વ્યાય વર્ષો સુધી ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ શહેરી વિસ્તારોમાં જળવાઈ રહે તે માટે સુચારૂ રીતે કાયમી વ્યવસ્થાર બની રહે તેવા વર્ગ વધારા તથા વર્ગ ઘટાડાના નિયમોમાં સુધારો કરવા માટે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે શિક્ષણમંત્રીને લેખિતમાં રજૂઆત કરી છે.

# તમે અમારા ચારની ધરપકડ કરશો તો હું તમારા આઠ લોકોની ધરપકડ કરીશ : મમતા બેનરજી

કોલકાતા, તા.૨૮

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કથિત ભ્રષ્ટાચારના વિવિધ કેસોના સંબંધમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના નેતાઓની સતત ધરપકડને પગલે બદલો લેવાની સ્પષ્ટ નીતિનો સંકેત આપતા કહ્યું કે, હવેથી જો તેણીની ટીમમાંથી ચાર વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવે તો તેણી તેમની સામે પહેલેથી જ ઘડવામાં આવેલા તમામ કેસોમાં આઠની જવાબી-ધરપકડની ખાતરી કરશે. અમારા ચાર ધારાસભ્યો (અનુબ્રત મંડલ, માણિક ભટ્ટાચાર્ય, પાર્થ ચેટર્જી અને જ્યોતિપ્રિયા મલિક) હવે જેલના સળિયા પાછળ છે. તેઓ આ પ્રકારની ધરપકડ દ્વારા અમને સાંભળવા માંગતા નથી હવે જો તેઓ અમારા ચારની ધરપકડ કરે છે તો હું તેમની સામે પહેલાથી નોંધાયેલા જૂના કેસો ફરીથી ખોલીને તેમાંથી આઠની ધરપકડ કરીશ, તાજેતરમાં કોલકાતા નેતાજી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ટીએમસીના સંગઠન સંમેલનને સંબોધિત કરતી વખતે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. રાજ્ય ભાજપના વડા સુવેન્દુ અધિકારીનું નામ લીધા વિના TMCના ભૂતપૂર્વ નેતા કે જેઓ હવે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા છે મુખ્યપ્રધાને કેન્દ્રીય એજન્સીઓ અધિકારીની સૂચના અનુસાર રાજ્યમાં કામ કરી રહી હોવાનો આરોપ મૂક્યો. એક નેતા ચોક્કસ દિવસે કોઈપણના ઘરે દરોડા પાડવાની આગાહી કરી રહ્યા છે. દરોડો પડે છે અને તેઓ કોઈપણ જપ્તી યાદી રજૂ કર્યા વિના બધું લૂંટીને જતા રહે છે. લોકોને ધમકાવવામાં આવે છે, મુખ્યમંત્રીએ કહ્યું. મુખ્યમંત્રીએ ટીએમસીની અંદર વધતી જતી લડાઈ અને જૂથવાદ સામે સાવચેતીની કડક નોંધ પણ જારી કરી હતી.

# વેરાવળ-પ્રભાસ પાટણ જોડીયા નગરમાં ૫૫૪મી ગુરૂનાનક જયંતીની થયેલ ભવ્ય ઉજવણી

## પ્રભાત ફેરી, કીર્તન, શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાયા : રાત્રે દીપમાલા સાથે નગરકીર્તન, આતશબાજી સાથે કેક કાપી ગુરૂનાનક દેવના અવતાર દિવસની ઉજવણી કરાઈ




(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ, તા.૨૮

વેરાવળમાં ૫૫૪મી ગુરૂનાનક જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રભાસ પાટણમાં ચોગાન ચોક ખાતે આવેલ સિંધી વંડીમાં કીર્તન તેમજ લંગરપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતાં. વેરાવળમાં વહેલી સવારે લિલાશાહ નગરથી સ્વામી શાંતિ પ્રકાશ હોલ સુધી પ્રભાત ફેરી, કીર્તન સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યાર બાદ ૧૧ કલાકે ભોગ સાહેબ, કીર્તન બપોરે ૧ કલાકે સમૂહ લંગર પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે શહેરના ટાવર ચોક, લીલાશાહ નગર, અંબાજી મંદિર રોડ, હાઉસિંગ સોસાયટી, બજરંગ સોસાયટી, ૮૦ ફૂટ રોડ, ૬૦ ફૂટ રોડ થઈ, ગુરૂનાનક ચોક, બિહારી નગર થઈ કરમચંદ બાપા ચોક સહિતના રાજમાર્ગો પરથી શોભાયાત્રા નીકળી હતી.જેમાં સિંધી સમાજના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત રાત્રે ૧૧ કલાકે ગુરૂ ગ્રંથ સાહેબની સવારી સાથે ભવ્ય દીપમાલા સાથે વિશેષ નગરકીર્તન યોજાયું હતું. જ્યારે રાત્રે ૧૨ કલાકે સ્વામી શાંતિપ્રકાશ હોલ ખાતે વિવિધ સ્પર્ધાઓ, ૧:૨૦ કલાકે જયજયકાર અને ફટાકડાની આતશબાજી સાથે ગુરૂનાનક દેવના જન્મદિવસની કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી.

# વેરાવળ બંદરની મુલાકાત લઈ નિરીક્ષણ કરતા કેન્દ્ર સરકારના ઉચ્ચ અધિકારીઓ

## બંદરમાં ચાલી રહેલા જેટીના કામકાજનું નિરીક્ષણ કરી આંતર માળખાકીય કામગીરીમાં ઝડપ લાવવા માર્ગદર્શન અપાયું





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૮

કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈનાન્સિયલ સર્વિસિસના ઉચ્ચ અધિકારીઓ ચંદ્રગુપ્ત શૌર્ય, એ.કે.દાસ, બી.કે.સિંઘલએ મત્સ્યોદ્યોગના હબ એવા વેરાવળના મત્સ્ય બંદરની મુલાકાત લઈ ત્યાં ચાલતા કામકાજનું અવલોકન સાથે સમીક્ષા મરી માર્ગદર્શિત કરી આંતરમાળખાકીય સુવિધાઓની જાણકારી મેળવી હતી. કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈનાન્સિયલ સર્વિસિસના ઉચ્ચ અધિકારીઓ સાથે નાબાર્ડના ડીડીએમ કિરન રાઉત પણ ઉપસ્થિત રહ્યાં હતા. અધિકારીઓએ પ્રોજેક્ટ મેનેજર પાસેથી સંપૂર્ણ કામગીરી અંગે વિગતો મેળવી હતી. જેમાં પ્રોજેક્ટ મેનેજરે જણાવ્યું હતું કે સ્થાનિક માછીમાર આગેવાનો સાથે બેઠક કરી અને તેમની જરૂરિયાતોને પણ ધ્યાનમાં રાખીને પ્રોજેક્ટ આગળ વધી રહ્યો છે. જેમાં પહેલા તબક્કામાં બ્રેકવોટર રિપેરિંગ, રિક્લેમેશન તેમજ કાંપ નિકાલ અને સતત પાણી મળી રહે તે માટે ડ્રેજિંગનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે સમગ્ર પ્રોજેક્ટનો ખર્ચ અંદાજીત ૨૬૦ કરોડ જેટલો છે. જ્યારે બીજા તબક્કામાં વહીવટી બિલ્ડીંગ, બોટ રિપેર શોપ, ગીયર શેડ, રેસ્ટ શેડ, નેટ મેન્ડિંગ શેડ, ફિશ હેન્ડલિંગ એરિયા, સેનિટેશન ફેસિલિટી વગેરે સુવિધાઓ વિકસાવવાનું આયોજન છે. આ યોજનાના અમલના પ્રથમ વર્ષથી જ સરેરાશ વાર્ષિક મત્સ્ય ઉત્પાદન ૧,૮૦,૨૦૦ ટન જેટલું થવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો.

### રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે કરી જાહેરાત


# રાજ્યમાં કમોસમી વરસાદના કારણે થયેલા નુકસાનનો થશે સર્વે




ગાંધીનગર, તા.૨૮

ગત રવિવારે ગુજરાતમાં માવઠા-કમસમી વરસાદે ભારે ખાનાખરાબી સર્જ્યા બાદ સોમવારે બપોર સુધી પણ વાદળો ગોરંભાયેલા જ રહ્યા હતા. સવારે ધૂમમ્સ વચ્ચે વિઝિબિલિટી ઘટી હતી અને ત્યારબાદ બપોર બાદ વાતાવરણ ચોખ્ખું થયું હતું. જેના પરિણામે હવે ગુજરાત માથેથી માવઠાની મોટી ઘાત ટળી હોય તેમ હવે કમોસમી વરસાદનો ખતરો ઓછો થઈ રહ્યો છે. રાજ્યમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોને મોટું નુકશાન થયું છે. જેને લઈને સરકાર દ્વારા સર્વે હાથ ધરવામાં આવશે.તેમ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે એક નિવેદનમાં જણાવ્યું હતું. રાજ્યમાં ખરીફ વાવેતરમાં કેટલાક અંશે નુકશાન થયું છે. ત્યારેકમોસમી વરસાદ બાદ સર્વેની કામગીરી શરૂ કરાશે. તેવો સરકાર દ્વારા દાવો કરવામાં આવ્યો છે. નોંધનિય છે કે વિજળી પડવાના કારણે ૨૯ માનવ મૃત્યુ થયાનું ઋષિકેશ પટેલે સ્વીકાર્યું હતું. એટલું જ નહીં મુખ્યમંત્રી સાથે કમોસમી વરસાદ અને માનવ મૃત્યુ સંદર્ભે સંપર્કમાં હોવાનું પણ કહ્યું હતું. હાલમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં કુલ અંદાજિત ૬૦ ટકા જેટલો વરસાદ વરસ્યો છે. અને આ માવઠાને કારણે ૧ મિલિમીટરથી લઈ ૧૪૪ મિલિમીટર જેટલો વરસાદ ઘણા એવા વિસ્તારોમાં નોંધાયો છે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ખરીફ પાકોમાં કપાસ તુવેર અને એરંડા જેવા પાકોમાં નુકસાનની ભીતિ વધુ સેવાઈ રહી છે. અંતે તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના અમુક વિસ્તારમાં બરફના કરા અને વીજળી પણ પડી છે, જેના કારણે વિવિધ વિસ્તારમાં ઘણા એવા સામાન્ય નાગરિકોને તકલીફ પડી છે તેનું પણ સર્વે કરીને ખેડૂતો તેમજ સામાન્ય નાગરિકોની સહાય કરવા સરકાર કટિબદ્ધ છે. તેમ હવામાન વિભાગ દ્વારા પણ જણાવ્યું છે. હવામાન વિભાગ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરાયેલ વિગત અનુસાર રાજ્યના અમુક વિસ્તારોને બાદ કરતા હવે કમોસમી વરસાદનો ખતરો જોવા મળતો નથી. રાજ્યમાં ખરીફ વાવેતરમાં કેટલાક અંશે નુકશાન થયું છે ત્યારે કમોસમી વરસાદ બાદ સર્વેની કામગીરી શરૂ કરાશે તેવો સરકાર દ્વારા દાવો કરાયો જોકે ગઈકાલે ત્રાટેકલ વાવાઝોડાને લઈને ખેડૂતોને મોટા પાયે નુકસાન થયું છે. ત્યારે સહાય અંગે રાજ્યકક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી બચુ ખાબડનું નિવદેન સામે આવ્યું છે. રાજ્યમાં જ્યાં એક બાજુ માવઠાના મારથી જગતનો તાત બેહાલ થયો છે. તો બીજી બાજુ રાજ્યકક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી બચુ ખાબડે ખેડૂતોને સરકારનો ટેકો હોવાનો દાવો કર્યો છે. એટલું જ નહીં તેમણે કહ્યું કે, આ માવઠાથી રાજ્યના ખેડૂતોને જે નુકસાન થયું છે. તેનો સર્વે પણ હાથ ધરવામાં આવશે અને ત્યારબાદ સહાયની ચુકવણી કરાશે. તેવો પણ દાવો કર્યો હતો. મંત્રીએ ખેડૂતોની સાથે સરકાર હોવાની હૈયા ધારણા પણ આપી છે. સાથે જ કહ્યું કે, સર્વેમાં જે પણ નિર્ણય આવશે તેની મુખ્યમંત્રી સાથે ચર્ચા પણ કરીશું અને નિયમ મુજબ ખેડૂતોને વળતર ચુકવવામાં આવશે.

# ભીખ માંગીને પાકિસ્તાની છોકરી અમીર બની, મલેશિયામાં છે પોતાનો બિઝનેસ



નવીદિલ્હી,તા.૨૮

સામાન્ય રીતે દરેક વ્યક્તિ મનમાં એવું હોય છે કે ભિખારી હોય તે ગરીબ હોય છે, તેથી તે ભીખ માંગે છે. રસ્તા પર મુસાફરી કરતી વખતે તમે ઘણીવાર ભિખારીઓ જોયા. તમે તેમને ગરીબ અને નિરાધાર માનો છો અને થોડા પૈસા આપો છો કારણ કે કોઈની મદદ કરવી એ ઉમદા કાર્ય છે, પરંતુ આમાંના કેટલાક ભિખારીઓ તેમની દુર્દશા બતાવીને તમારી લાગણીઓ સાથે રમે છે અને તેમની ખોટી કહાની કહીને તમારી પાસેથી પૈસા લે છે.. જો તમે થોડા સજાગ રહેશો તો સાચા-ખોટા વચ્ચેનો તફાવત સરળતાથી ઓળખી શકશો અને આજના સમયમાં આ જરૂરી પણ છે. વિશ્વાસ ન આવતો હોય તો જુઓ વાયરલ થઈ રહેલો આ વીડિયો. જેમાં એક યુવતીએ જણાવ્યું હતું કે તે કેવી રીતે લોકોને મૂર્ખ બનાવીને તેમની પાસેથી ભીખ માંગે છે અને આજે આ ભીખની કમાણીનાં આધારે તેની પાસે મલેશિયામાં બે ફ્લેટ, એક કાર અને પોતાનો બિઝનેસ છે.. વાયરલ થઈ રહેલા વીડિયોમાં તમે જોઈ શકો છો કે મહિલા પોતાનું નામ લાઈબા જણાવી રહી છે. ૧ મિનિટ ૨૫ સેકન્ડના આ વીડિયોમાં યુવતી કહી રહી છે કે તેણે છેલ્લા પાંચ વર્ષમાં ભીખ માંગીને ખૂબ કમાણી કરી છે. યુવતીએ પોતે સ્વીકાર્યું કે આજે તે ભીખ માંગીને આટલી અમીર બની ગઈ છે. આના પર જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તે આટલું સત્ય કેમ બોલી રહી છે તો તેણે કહ્યું કે સત્ય છુપાવી શકાય નહીં. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે લોકો તેને કેવી રીતે ભિક્ષા આપતા હતા, તો તેણે કહ્યું કે તે ખોટી કહાની સંભાળાવીને પૈસા માંગતી હતી અને લોકો આપતા પણ હતા.. આ વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર (@shahfaesal) નામના એકાઉન્ટ દ્વારા શેર કરવામાં આવ્યો છે. જેની સાથે તેમણે કેપ્શન લખ્યું છે 'પડોશી દેશના ઉદ્યોગસાહસિકો.' આ વીડિયોને અત્યાર સુધીમાં ૨.૮૯ લાખથી વધુ લોકોએ જોયો છે અને કોમેન્ટ કરીને પોતાનો પ્રતિભાવ આપી રહ્યા છે. એક પાકિસ્તાની યુટ્યુબરે એક મહિના પહેલા તેની ચેનલ પર આ અસલ વિડિયો શેર કર્યો હતો અને આ મહિલાનો ઈન્ટરવ્યુ લીધો હતો.

# વિશ્વની વસતી આઠ અરબથી ઘટીને ૨ અરબ થવાનો અંદાજ

વોશિંગ્ટન, તા.૨૮

દુનિયામાં વધતી વસતી વચ્ચે એક રાહતના સમાચાર સામે આવી રહ્યા છે. દુનિયાના ઘણા દેશોમાં જન્મદરમાં ઘણો સુધારો થયેલો જોવા મળે છે. ભારતમાં પણ આ મામલે શાનદાર પ્રદર્શન કર્યું છે. એક રીપોર્ટ અનુસાર, આગામી ૩૦૦ વર્ષમાં વિશ્વની વસ્તી ૮ અબજથી ઘટીને ૨ અબજ થઈ જશે. જો વર્તમાન સમયની વાત કરીએ તો ભારત અને ચીનની વસ્તી જ ૩ અબજની આસપાસ છે. જો કે, આ રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૫૦ અને ૨૦૮૦ ની વચ્ચે વિશ્વની વસ્તી તેની મહત્તમ ૧૦ અબજની આસપાસ પહોંચી જશે. આ પછી તેમાં ઘટાડો જોવા મળી શકે છે. યુનિવર્સિટી ઓફ ટેક્સાસના પોપ્યુલેશન રિસર્ચ સેન્ટરમાં કામ કરતા મહાન અર્થશાસ્ત્રી ડીન સ્પીયર્સે ધ ન્યૂયોર્ક ટાઈમ્સ માટે લખેલા તેમના લેખમાં ઘણા ખુલાસા કર્યા છે. તેમણે કહ્યું છે કે આગામી ૩૦૦ વર્ષમાં વિશ્વમાં મનુષ્યનો જન્મ દર ૧.૫ની આસપાસ રહેશે. હાલમાં તે ઘણા દેશોમાં ૨ થી વધુ છે. વર્ષ ૨૦૨૨માં દક્ષિણ આફ્રિકામાં જન્મ દર ૨.૧ની આસપાસ રહેશે, ઈન્ડોનેશિયામાં તે ૧.૯ અને ભારતમાં ૧.૮ની આસપાસ રહેશે. ભારતે જન્મ દર વધારવાની બાબતમાં ઘણો સુધારો કર્યો છે. ૨૦૨૦માં તે ૨ની નજીક હતો. હવે તે ઘટીને ૧.૮ થઈ ગયો છે. જે વધુ નીચે જવાની શક્યતાઓ પણ છે. હાલમાં ભારતમાં સૌથી વધુ યુવાનો છે. સૌથી વધુ વસ્તી સરેરાશ ૨૮ વર્ષની છે. જો કે, ૨૦૪૮ સુધીમાં તે વધીને ૪૦ થઈ શકે છે. જાપાન વિશે વાત કરીએ તો, તે હજુ ૪૯ની આસપાસ છે. વિશ્વના ઘણા દેશોમાં જન્મ દરમાં સુધારો જોવા મળ્યો છે, પરંતુ આજે પણ ઘણા દેશો એવા છે જ્યાં સ્થિતિ સારી નથી. તે દેશોમાં કોંગો, નાઈજીરિયા અને ઈથોપિયાનો પણ સમાવેશ થાય છે, જેને ભારત પાસેથી શીખવાની જરૂર છે. ૧૯૮૧ અને ૨૦૨૦ ની વચ્ચે, ભારતના ૧૨ રાજ્યોએ જન્મ દરની દ્રષ્ટિએ ઉત્તમ કાર્ય કર્યું છે. હરિયાણામાં જન્મદરમાં ૬૦ ટકા અને આંધ્ર પ્રદેશ, પંજાબ અને પશ્ચિમ બંગાળમાં ૬૦ ટકાનો ઘટાડો નોંધવામાં આવ્યો છે. મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, કર્ણાટક, ઓડિશા, મહારાષ્ટ્ર અને તમિલનાડુ જેવા રાજ્યોમાં પણ ૫૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.


# આતંકવાદ હજું ખતમ થયો નથી

ભલે સરકાર જોરશોરથી બણગાં ફૂંકે કે અમે આતંકવાદ ઉપર કાબુ મેળવ્યો છે, પરંતુ આ બધાં પોકળ દાવાઓ સાબિત થાય છે. આતંકવાદને નાથવાનું કામ એ કાંઈ ખાંડાના ખેલ નથી. દરરોજ અખબારનાં પાનાં ખોલતાં ક્યાંક ને ક્યાંક નક્સલી કે આતંકવાદી હુમલાના સમાચારો વાંચવાં મળે છે. આતંકવાદીઓ આતંક ફેલાવીને ભારત દેશને ખોખલો કરવાની હીન અને જઘન્ય પ્રવૃત્તિ કરે છે. આપણી સરહદો પણ માત્ર કાંટાળી વાડ બનાવીને કરવામાં આવી છે અને સરહદો પણ એટલી બધી લાંબી છે કે આતંકવાદીઓ કઈ જગાએથી ઘૂસ મારશે એ લશ્કરના જવાનો અને અધિકારીઓ માટે માથાના દુ:ખાવા સમાન સાબિત થાય છે. આતંકવાદીઓ તો માથે કફન બાંધીને અને મોતને મુઠ્ઠીમાં રાખીને ફરતાં હોય છે અને દેશદ્રોહી પ્રવૃત્તિઓ કરે છે. તો બીજી તરફ એક જવાન તૈયાર કરવામાં સરકારને કેટલો બધો આર્થિક બોજો પડે છે. દર વર્ષે સરકાર દેશનાં સંરક્ષણ પાછળ કરોડો રૂપિયાનું બજેટ નક્કી કરે છે. જ્યારે આપણાં નૌજવાનો પોતાનું ઘર પરિવાર, પત્ની બાળકો તથા માતાપિતાને છોડીને પોતાના વતનથી હજારો કિલોમીટર દૂર માભોમની રક્ષા કાજે ૨૪ કલાક ખડેપગે તૈયાર રહે છે. જો આપણા જવાનો આપણી રક્ષા ન કરતાં હોત તો આતંકવાદીઓએ ક્યારનોય આપણાં દેશ ઉપર કબજો જમાવી દીધો હોત. આના માટે આપણા જવાનોને સલામી આપવી ઘટે. પરંતુ જ્યારે આતંકવાદીઓ હુમલો કરે છે ત્યારે આપણાં જવાનો શહીદ થાય છે અથવા બૂરી રીતે જખ્મી થઈને કાયમ માટે અપાહજ બની જાય છે. જવાનની શહીદગીથી એનો ઘર પરિવાર બરબાદ થઈ જાય છે. સરકારી અને લશ્કરી અધિકારીઓ ચાર દિવસ સુધી સરકારી પ્રોટોકોલ નિભાવી એ શહીદને ભુલી જાય છે. માભોમ કાજે જેણે હસતાં હસતાં પોતાના પ્રાણની આહુતિ આપી એવા નરબંકા શહીદના પરિવારની કોઈ કદર કે દરકાર કરતું નથી. બીજું જેટલાં પ્રમાણમાં જવાનો શહીદ થાય છે એટલા પ્રમાણમાં નવા જવાનોની ભરતી થતી નથી અને લશ્કરી તાલીમ પણ એટલી બધી આકરી અને કડક હોય છે કે આજનું યુવાધન લશ્કરી નોકરી મેળવવાનું ટાળે છે. સરકાર ભલે આતંકવાદને કાબુ કરવાના ભરચક પ્રયાસ કરે પરંતુ એમાં સફળતા મળવાની શક્યતા બહું ઓછી છે કારણકે આપણી સરહદો ઘણી લાંબી અને મજબૂત દિવાલો વગરની છે. આતંકવાદીઓ ઊંડી ખાઈ અને ખીણમાં ક્યાં સંતાયા છે એ શોધવું ઘણું અઘરૂં છે. ઉપરાંત આપણાં લશ્કરમાં અમુક દેશદ્રોહીઓ લશ્કરની કાર્યવાહીની ગુપ્ત માહિતી દુશ્મનોને પહોંચાડે છે, વળી આપણાં પાડોશી દેશો પણ ત્રાસવાદને પોષે છે અને ભારત વિરૂધ્ધ ભડકાવવામાં આગમાં ઘી રેડવાનું કામ કરે છે. આમ આતંકવાદને નેસ્તનાબૂદ કરવો એ સહેલી વાત નથી. પરંતુ દુ:ખ એ બાબતનું છે કે આતંકવાદીઓના હિચકારા કૃત્યથી નિર્દોષ જવાનો શહીદ થાય છે અને એમના પરિવારનો માળો વેરવિખેર થઈ જાય છે.

- યોગેશભાઈ આર. જોશી (હાલોલ)

# દુનિયાની સૌથી પાતળી હોટેલ જોઈને લોકો સ્તબ્ધ

## લોકો આ પાંચ માળની હોટલની ડિઝાઈન અને દરેક રૂમના ઈન્ટિરિયરના વખાણ કરી રહ્યા છે, સુવિધાઓમાં ૫ સ્ટાર હોટેલને પણ આપશે ટક્કર





નવી દિલ્હી, તા.૨૮

અજીબોગરીબ ઈમારતોના વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પર અવારનવાર વાયરલ થતા હોય છે. હાલમાં જ ઈન્ડોનેશિયાની એક હોટલ ચર્ચામાં છે. સેન્ટ્રલ જાવાના સલાટીગા ટાઉનમાં સ્થિત પિટુરૂમ્સ હોટેલને વિશ્વની સૌથી પાતળી હોટેલ માનવામાં આવે છે. માત્ર ૯ ફૂટ પહોળી જગ્યામાં બનેલી આ હોટેલ લક્ઝરી સુવિધાઓથી સજ્જ છે. લોકો આ પાંચ માળની હોટલની ડિઝાઈન અને દરેક રૂમના ઈન્ટિરિયરના વખાણ કરી રહ્યા છે. આ હોટેલ અહીં રોકાતા મહેમાનોને એક અલગ જ અનુભવ આપે છે. ધ સનના અહેવાલ મુજબ, આ અદ્ભુત હોટલ બિનઉપયોગી જમીનના ટુકડા પર બનાવવામાં આવી છે. તે જોઈ શકાય છે કે, આ જમીન શેરી અને ઘરોની વચ્ચે છે, જેનો સ્થાનિક લોકો ડમ્પિંગ ગ્રાઉન્ડ તરીકે ઉપયોગ કરી રહ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે, આ બિલ્ડીંગને પિટુરૂમ પ્રોજેક્ટના ભાગ રૂપે આર્કિટેક્ટ આર્ય ઈન્દ્રા દ્વારા ડિઝાઈન કરવામાં આવી છે, જેણે સિંગાપોર અને જકાર્તામાં આર્કિટેક્ટ તરીકે તાલીમ લીધી છે. કહેવામાં આવી રહ્યું છે કે, અરી ઈન્દ્રએ ડિસેમ્બર ૨૦૨૨માં આ હોટલ ખોલી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે, તેની શરૂઆતથી અહીંના ૯૫ ટકા મહેમાનો ઈન્ડોનેશિયન છે. સાત રૂમની આ હોટલને પિટુરૂમ્સ નામ આપવામાં આવ્યું છે, કારણ કે જાવાનીઝ ભાષામાં પિટુનો અર્થ સાત થાય છે. ખાસ વાત એ છે કે, આ હોટલના ટોપ ફ્લોર પર એક બાર અને રેસ્ટોરન્ટ છે, જે અહીં આવનાર મહેમાનોને ખૂબ જ ખાસ અને અલગ અનુભવ આપે છે.

# જગતમંદિર આસપાસના દબાણો દુર કરવામાં પણ 'વહીવટ' ?



## નોટીસનો અમલ ક્યારે ? કે પછી નોટીસ માત્ર સામાન્ય કાગળ છે ? : જાંબાઝ ચીફ ઓફીસર કલેક્ટરને પણ દાદ દેતા નથી.... ?

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૮

આશરે સાડા ચાર માસ પહેલા શહેરના જગતમંદિર આસપાસની ગીચ બજારોમાં મોટાપાયે થયેલા દબાણો દુર કરવા માટે દ્વારકા નગરપાલિકાના ચીફઓફીસર દ્વારા લેખિત નોટીસો પાઠવવામાં આવી હતી. પરંતુ જન્માષ્ટમીના તહેવારોને અનુલક્ષીને રીલાયન્સ રોડ પર માત્ર આંગળીના વેઢે ગણી શકાય તેટલા રેકડીધારકોની રેકડી ડીટેન કરીને દબાણ હટાવવાનું નર્યુ નાટક કરીને દબાણ હટાવ ઝુંબેશને આટોપી લેવામાં આવી હતી. ત્યારે તહેવારોના સમયે જ નાના રેકડી ધારકોના દબાણો પોલીસ પ્રોટેકશન સાથે રાખી નગરપાલીકાએ દૂર હટાવવા કામગીરી હાથ ધરતા રેકડીધારકોમાં થોડો કચવાટ પણ જોવા મળ્યો હતો. પરંતુ ખરેખર

### દબાણકારો પર ચીફઓફીસરની રહેમ દ્રષ્ટિ...?

દબાણની વ્યાખ્યામાં આવતા મગરમચ્છ ઈસમોને દબાણની કાર્યવાહીમાંથી બાકાત રખાતા અને નોટીસ આપેલા ઈસમોનો તો વાળ પણ વાંકો થયો નથી ત્યારે વહીવટીતંત્ર શું કરવા માંગે છે તેની દિશા હજુ સુધી નકકી થઈ શકી નથી.

દ્વારકાના મંદિર ચોક વિસ્તારમાં જગતમંદિરના મુખ્ય ગેટની સામે વેપાર કરતા ઈસમો દ્વારા રસ્તા પરના તોતિંગ દબાણો તથા પથારાઓ પાથરીને સરકારી જગ્યાનો દુરૂપયોગ કરી મહિને લાખોની કમાણી કરતા લાગવગીયા તત્વોના દબાણો તો જેમના તેમ જ છે. આવા દબાણો દુર કરવાની વાત તો એક તરફ રહી પાલિકાના ચીફઓફીસર દબાણો સામે નજર કરતા પણ સો વાર વિચાર કરે છે તેવું લોકમુખે ચર્ચાઈ રહયું છે.

નોટીસ આપ્યાને સાડા ચાર મહિના જેટલો સમય વિતી જવા છતાં પાલિકા દ્વારા દબાણ હટાવવા માટે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરાયેલી નથી. તો શું દબાણો દુર કરવાની નોટીસનું સુરસુરીયું થઈ ગયું ? કે કોઈ મોટામાથાનો ફોન આવી ગયો ? નોંધનીય છે કે પાલિકા દ્વારા શહેરના દબાણો દુર કરવાની નોટીસના નાટકો તો વર્ષોથી થતા રહે છે પણ હજુ સુધી દબાણો દુર કરવાની કાર્યવાહી કેમ થતી નથી?

અંતર્ગત સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર જગતમંદિર આસપાસના દબાણો દુર કરવાના સમાચારો વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થતા આ બાબતે જીલ્લા કલેકટર દ્વારા ચીફઓફીસરને ખુલાસાઓ માંગવામાં આવેલા છે અને કરેલ કાર્યવાહીની જાણ કરવા તાકીદ કરવામાં આવેલ છે છતાં પણ દબાણના પ્રશ્ને ભીનું કઈ રીતે સંકેલાયું ? તેનો હજુ સુધી તાગ મળી શકેલ નથી. આમ હાલના વહીવટદાર શાસનમાં ચીફઓફીસર કલેકટરની સૂચનાઓને પણ ગંભીર ગણવાને લીધે ઘોળીને પી ગયા હોય તેવું ચર્ચાઈ રહયું છે.

આમ હાલમાં દબાણકારો ઉપર ચીફઓફીસરની રહેમ દ્રષ્ટિ હોવાનું ખુલ્લેઆમ દ્વારકાવાસીઓમાં ચર્ચાઈ રહયું છે. પરંતુ દબાણના પ્રશ્ને આવનારા દિવસોમાં અમુક નામચીન ઈસમો દ્વારા કોઈ નવાજુની થાય તો નવાઈ નહી...?

# દ્વારકાધીશના જગતમંદિરમાં દેવદિવાળી ઉત્સવ ઉજવાયો





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૮

દ્વારકાધીશ મંદિરમાં કારતક સુદ પૂર્ણિમાના પાવન અવસરે દેવદિવાળી ઉત્સવ પરંપરાગત રીતે ઊજવવામાં આવેલ. દેવદિવાળીના પાવન અવસરે કાળિયા ઠાકોરને વિશેષ શૃંગાર ધારણ કરાવવામાં આવેલ તથા શ્રીજીને મધ્યાહન સમયે રાજભોગમાં અદકી વિશેષ ભોગ ધરાવવામાં આવેલ. આ ઉપરાંત સાંજના સંધ્યા સમય પછી વરાદાર પુજારી પ્રવિણભાઈ ઠાકર પરિવાર દ્વારા નિજમંદિર તથા નિજસભાગૃહમાં રંગોળી તથા દીપમાલા સાથે સુશોભન કરવામાં આવશે. સમગ્ર ધર્મોત્સવનો બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધેલ. આ પૂર્વ આજે પૂનમના અવસરે વહેલી સવારે બહોળી સંખ્યામાં ગોમતી સ્નાન કરી ધન્યતા અનુભવેલ.

**રાણીવાસમાં રંગોળી સાથે અગીયાર હજાર દીવડાઓ પ્રજવલિત કરાયા**

દેવદિવાળીના અવસરે દર વર્ષની પરંપરા અનુસાર જગતમંદિરમાં આવેલા રાણીવાસમાં સાંજના સમયે લક્ષ્મીજીના મંદિર સન્મુખ અલગ-અલગ પ્રકારની રંગોળીઓ બનાવીને તેમાં અગીયાર હજાર દીવડાઓને પ્રગટાવી શુભોભન કરી વિશેષ રીતે દેવદિવાળીનો ઉત્સવ ઉજવવામાં આવેલ.

શારદાપીઠ સંચાલિત વિવિધ મંદિરોની સેવા-પૂજાનો ક્રમ સંભાળતા વિજયભાઈ તથા આનંદભાઈ ઉપાધ્યાયે રાણીવાસમાં આવેલા વિવિધ મંદિરોની સજાવટ સાથે પટાંગણમાં રંગોળીની આકૃતિ સાથે દિવડાઓની હારમાળા કરેલ જે નિહાળી ભાવિકો મંત્રમુગ્ધ બન્યા હતા.

# ખંભાળિયાના રામનગર ખાતે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"નું આગમન

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૮



સમગ્ર દેશમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના રામનગર ગામે ગઈકાલે સોમવારે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું આગમન થયું હતું. રામનગર ખાતે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' દરમિયાન યાત્રાનું સ્વાગત, પ્રધાનમંત્રીનો રેકોર્ડ કરેલો સંદેશો, વિકસિત ભારત માટે પ્રતિજ્ઞા વિડિયો, મેરી કહાની મેરી જુબાની, પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવતી કૃતિ, 'ધરતી કરે પુકાર' સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ ઉપરાંત સરકારની વિવિધ યોજના લાભાર્થીઓને લાભાન્વિત કરાયા હતા. 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' દરમિયાન આયુષ્યમાન ભારત યોજના, પ્રધાનમંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, દીનદયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, જલજીવન મિશન, સ્વામિત્વ યોજના, જનધન યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક કૃષિ અને રાસાયણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવી છે.

સરકારની આ ૧૭ જેટલી યોજનાઓની માહિતી અને લાભો ઘરઘર સુધી પહોંચાડવા માટે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બે માસ સુધી વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગામે ગામ ફરશે. આ કાર્યક્રમમાં સ્થાનિક અગ્રણીઓ સાથે મોટી સંખ્યામાં ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રા : "સખી મંડળ થકી હું પગભર બની છું" : દિપ્તી કણઝારીયા

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૮

કેન્દ્ર રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના લોકોને મળે તેમજ લોકોને આ યોજનાઓની જાણકારી મળી રહે તેવા આશય સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગામેગામ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" ફરી રહી છે. જે અંતર્ગત સખી મંડળ સાથે સંકળાયેલા દિપ્તીબેન વિજયભાઈ કણઝારીયાએ તેઓ સરકારની યોજનાથી કઈ રીતે આત્મનિર્ભર બન્યા તે અંગે જણાવ્યું હતું.

દિપ્તીબેન કણઝારીયાએ જણાવ્યું કે, હું ધરતી સખીમંડળ સાથે જોડાયેલી છું. મારૂ સખી મંડળ વર્ષ - ૨૦૧૨થી કાર્યરત છે. જ્યારે સખી મંડળમાં જોડાઈ, ત્યારે આજીવિકા માટે મારી પાસે કોઈ વિકલ્પ ન હતો. સખી મંડળમાં જોડાઈ પછી મિશન મંગલમના સ્ટાફ દ્વારા સી.આર.પી. (સામુદાયિક સંશાધન વ્યક્તિ) તરીકેની તાલીમ ગ્રામીણ સ્વરોજગાર સંસ્થા દ્વારા તાલીમ મેળવી અને બહેનોને આજીવિકા અંગે માહિતગાર કરવામાં આવ્યા. ખંભાળિયા તાલુકાના ધરમપુરમાં ૧૦ સખી મંડળ બનાવવામાં મેં મદદ કરી અને ગ્રામ સંગઠનની રચનાના કરી છે. આ ઉપરાંત બેક્ક કોર્પોરેન્સ સખીની તાલીમ પણ લીધી અને સામુદાયિક સર્વિસ સેન્ટર મારફતે કોડ મેળવી કામગીરી ચાલુ કરી છે. જેમાં હું મહીને પાંચથી સાત હજાર રૂપિયાની આવક મેળવતી થઈ છું. મારી શરૂઆત ખૂબ જ ધીમી હતી પણ હાલ લોકો સાથે સંપર્ક વધવાથી મારી આવક વધી રહી છે. આ ઉપરાંત ગત મે માસમાં "લોકો દ્વારા ચાલતી સિસ્ટમ" અંગેની તાલીમ લીધી હતી અને એમાં એક સ્વ સહાય



જૂથની એન્ટ્રી દીઠ રૂ. ૧૫૦ આજીવિકા તરીકે મળતા થયા છે. જેના લીધે આવકમાં મહિને ૩૫૦૦ જેવો વધારો થયો છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, અમારા દસ સખી મંડળમાંથી ૩૦ બહેનોને પેપર કપ બનાવવાની તાલીમ પણ આપવામાં આવી છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી પેપર-કપ બનાવટ માટેનું મશીન મળ્યું છે. અમારા દસ જૂથો દર વર્ષે બહેનોને જરૂરિયાત મુજબ લોન પણ મેળવે છ. આ યોજનાથી અમારા પરિવાર સારી રીતે ગુજરાન ચલાવતા થયા છે. આ તમામ કામો અપાવવા માટે ગુજરાત સરકાર તથા ગ્રામ વિકાસ વિભાગનો આભાર પણ દિપ્તીબેને વ્યક્ત કર્યો હતો.

# માંગરોળ બંદરની શ્રી મહાવીર મચ્છીમારી મંડળનાં સ્ટોલે આકર્ષણ જમાવ્યું

(નીલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૭


માંગરોળ બંદરની શ્રી મહાવીર મચ્છીમાર સહ. મંડળી લી. દ્વારા અમદાવાદ ના સાઈન્સ સીટી મુકામે ગુજરાત સરકાર દ્વારા એક ભવ્ય આંતરરાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમ વિશ્વ મચ્છીમાર સંમેલનમા સ્ટોલ નાખવામા આવ્યો હતો.

વિશ્વ મચ્છીમાર દિવસ નિમિત્તે માચ્છીમારોના ઉત્થાન માટે અને માચ્છીમારોમાં નવી નવી ટેકનોલોજી ઉપયોગમાં આવે તે હેતુથી અમદાવાદ સાઈન્સ સીટી મુકામે દેશ વિદેશના મચ્છીમારો દ્વારા સુંદર સ્ટોલો નાખવામા આવ્યા હતા.

ભારત તેમજ વિદેશી મચ્છીમારો દ્વારા તેમા તેનુ સુંદર મજાનુ પ્રદર્શન કરવામા આવ્યુ હતુ જેથી કરીને ભવિષ્યમા મચ્છીમારો માટે ઉપયોગી થઈ શકે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય સરકારના મત્સ્યોદ્યોગ મંત્રી પરસોતમભાઇ રૂપાલાજી, ગુજરાત સરકારના મંત્રી રાઘવજી પટેલ, પરસોતમભાઈ સોલંકી, ભાજપના રાષ્ટ્રીય બક્ષીપંચ મોરચાના આગેવાન વેલજીભાઈ મસાણી સહીત મચ્છીમારો વિગેરે આગેવાનો તેમજ દેશ વિદેશ ના આગેવાનો મચ્છીમારોમાં આવેલ નવી ટેકનોલોજી નિહાળવા ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી મહાવીર મચ્છીમાર મંડળી લી. માંગરોળ બંદર ના પ્રમુખ દામોદરભાઈ ચામુડીયા દ્વારા માછલીના ગ્રોથ મા વધારો થાય તે ઉદેશથી ૧૦ હજાર જેટલા જેટલા સિમેન્ટના માછલી ના કૃત્રિમ ઘર મુકવામા આવ્યા છે તેમજ છેલ્લા ત્રણ વર્ષ થી માચ્છીમારી દરમિયાન માચ્છીમારો ની જાળ મા આવતા પ્લાસ્ટિક નિકાલ માટેનુ સમુદ્ર સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવેલ તેનો સુંદર પ્રોજેકટ રજુ કરવામા આવેલ હતો તેનો સ્ટોલ રાખવામા આવ્યો હતો જેનુ કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલાજી તેમજ મુખ્ય મંત્રી સહિત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા નિરીક્ષણ કરી શ્રી મહાવીર મચ્છીમાર મંડળી ના પ્રમુખ દામોદર ચામુડીયા ને અભિનંદન પાઠવ્યા હતા.

# ઉના : જલારામ મંદિરે અન્નકુટ દર્શન



(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૨૮

ઉના જલારામ મંદિરે કાર્તિક પૂનમના દિવસે અન્નકૂટનું આયોજન કરાયું હતું. જેમાં સર્વ લોહાણા ભક્તોએ સામગ્રી ધરી બપોરે ૧૨:૩૦ વાગે અન્નકૂટ મહા આરતી સાંજે ૬:૩૦ વાગે અન્નકૂટ પ્રસાદનો લાભ લીધેલ હતો.

# સીડા પ્રિમીયર લીગ-૪ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટ સફળતાપૂર્વક સંપન્ન

## સીડા સમાજના અલગ-અલગ ગામોની અગીયાર ટીમો વચ્ચે થયો અનેરો જંગ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ જીલ્લામાં સંધી સીડા સમાજના અલગ-અલગ ગામો વચ્ચે છેલ્લા ત્રણેક વર્ષથી સીડા પ્રિમીયર લીગના નેજા હેઠળ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટ આયોજન થાય છે. આ વખતે તા.૨૨ થી ૨૫ના રોજ વંથલી તાલુકાના ખોખરડા ગામના હાઈવે ઉપર આવેલ ક્રિકેટ ગ્રાઉન્ડમાં ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન ગાદોઈ-ટીનમસની ટીમો દ્વારા કરવામાં આવેલ હતું.




જેમાં મુખ્યત્વે ગાદોઈના રફીકભાઈ સીડા આરએફઓનું મુખ્ય યોગદાન અને તનતોડ મહેનતના પરીણાયે સફળ આયોજન શકય બન્યું હતું. આ ટુર્નામેન્ટમાં સીડા સમાજના અલગ-અલગ અગીયારેક જેટલા ગામોમાંથી યુવાઓએ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ હતો. તા.૨૫ના યોજાયેલ ફાઈનલ ટુર્નામેન્ટમાં વસીલા ઈલેવન કેશોદ અને આઝાદ ઈલેવન ગાદોઈની ટીમ વચ્ચે રસાકસી ભર્યો ખરાખરીનો જંગ જામ્યો હતો. રમતવીરોનો ઉત્સાહ વધારવા માટે બહોળી સંખ્યામાં સમાજના અને આજુબાજુના ગામના યુવાનો, વડીલો, રાજકીય આગેવાનોની હાજરી ઉડીને આંખે વળગેલ જોવા મળેલ. રસાકસીને અંતે વસીલા ઈલેવન કેશોદનો ભવ્ય વિજય થયેલો હતો. જેનો હાજર જનમેદનીએ કિકીયારીઓ સાથે પ્રોત્સાહન આપી વધાવેલ, આ તકે યુવાઓમાં અનેરો જોશ જોવા મળેલો હતો. આ કાર્યક્રમના સતત ચાર દિવસ સફળ સંચાલન-ગાદોઈના હુસેનભાઈ સીડા તથા સમાજના રમત-ગમતના આગેવાન અલ્તાફભાઈ સીડા દ્વારા કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ઉદ્દઘાટન પ્રસંગે સીડા સમાજ ગુજરાતના પ્રમુખ હાજી સુલેમાનભાઈ સીડાએ ખાસ હાજરી આપી યુવા ક્રિકેટરોનો ઉત્સાહ વધારેલ હતો અને જૂનાગઢ જીલ્લા સુન્ની સંધી મુસ્લીમ યુવા સમાજના પ્રમુખ અમીનભાઈ સીડા પણ ઉપસ્થિત રહ્યા હતા અને યુવાઓનો ઉત્સાહ વધારવા માટે દરેક મેચમાં જીતનારી ટીમોનો અપાતા મેન ઓફ ધ મેચની ટ્રોફી સંધી યુવા સમાજ તરફથી અર્પણ કરવામાં આવેલ હતી. ફાઈનલમાં દરેક ટીમને પ્રોત્સાહન રૂપી સંધી યુવા સમાજ તરફથી સર્ટીફિકેટો પણ એનાયત કરાયા હતા.

# ગીરગઢડા ખાતે સરસ્વતી કોલેજમાં પ્રાથમિક શિક્ષા વર્ગ યોજાયો



(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૨૮

તારીખ ૧૯થી ૨૬ સુધી ગીર ગઢડા મુકામે સરસ્વતી કોલેજમાં કોલેજમાં સોમનાથ જિલ્લાના અલગ અલગ તાલુકાના ૧૬૭ સ્વયંસેવકો તથા ૩૫ પ્રબંધકો ૨૦ શિક્ષકો આમ કુલ મળીને દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રાથમિક શિક્ષા વર્ગ થયો. આ વર્ગ કુલ સાત દિવસનો હોય છે. આ વર્ગમાં ૧૪ થી લઈ અને ૬૦ વર્ષ સુધીના બધા જ શિક્ષાર્થીઓએ હોશે હોશે સવારે પથી લઈને રાત્રે ૧૦: ૧૫ સુધી અલગ અલગ શારીરિક તથા બૌદ્ધિક કાર્યક્રમમાં જોડાયા. આ વર્ગની વિશેષતાએ રહી રોજ સાંજે સાયમ સંઘ સ્થાન ઉપર ઉના ગીર ગઢડાના પ્રતિષ્ઠિત લોકો સંઘ દર્શનમાં નિહાળવા રોજ આવતા અને સાથે ભોજન કરતા. આ વર્ગપૂર્ણ થતાં જિલ્લાના ૫૩ સ્થાનોમાંથી આવેલા વિદ્યાર્થીઓ તથા વ્યવસાય સ્વયંસેવકોએ શાખા સપ્તાહ પણ ઉજવવાનું નક્કી કર્યું છે. આ વર્ગના વર્ગ કાર્યવાહ બીપીનભાઈ હરિયાણીએ આ માહિતી આપી હતી.

# ગિરનારની પરિક્રમા પુર્ણ : ૧૩.૪૦ લાખ કરતા વધુ ભાવિકોએ પુણ્યનું ભાથું બાંધ્યું





## મેળે મેળે ભાવિકો આવ્યા અને મેળે મેળે જતા રહ્યા : દિપડાના હુમલાની ઘટના, કમોસમી વરસાદનું વિઘ્નને બાદ કરતા પરિક્રમા પુર્ણ : તંત્રએ લીધો નિરાતનો શ્વાસ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ નજીક આવેલ ગરવા ગિરનારની ૩૬ કિલોમીટરની પરિક્રમા ગઈકાલે એટલે કે કાર્તિકી પુર્ણીમાના દિવસે પુર્ણતાને આરે પહોંચી હતી. સત્તાવાર રીતે મળેલા આંકડા અનુસાર આ વર્ષે કુલ ૧૩,૩૪,૩૦૦ જેટલા ભાવિકોએ પરિક્રમાનો લાભ લીધો હતો. ગઈકાલે ૨૭ નવેમ્બર સાંજના ૭ વાગ્યા સુધીની બોરદેવીનો ગેઈટ વટાવી પરિક્રમા પુર્ણ કરનાર ભાવિકોની સંખ્યા ૧૨,૮૭,૫૮૭ હતી અને વન વિભાગના જણાવ્યા અનુસાર પરીક્રમાર્થીઓની સંખ્યા ૧૩.૩૩ લાખની થવા જાય છે. દરમ્યાન ભજન, ભોજન અને ભકિતના ત્રિવેણી સંગમ સમી પાંચ દિવસની ગિરનારની લીલી પરિક્રમનો મેળો પુર્ણ થયો છે ત્યારે તંત્રએ નિરાતનો શ્વાસ લીધો છે.

દેવ દિવાળીના દિવસથી એટલે કે કારતક સુદ અગીયારસના દિવસથી ગિરનારની લીલી પરિક્રમા શરૂ થતી હોય છે. આ વર્ષે પરિક્રમાર્થીઓના ભારે ઘસારાને લઈને એક દિવસ વહેલી પરિક્રમા શરૂ કરી દેવામાં આવી હતી. પરિક્રમાર્થીઓ માટે તંત્રએ ગેઈટ ખોલી દેતા ૫૦ હજારથી વધારે ભાવિકો પરિક્રમાના માર્ગે રવાના થયા હતા. જયારે દેવ દિવાળીના દિવસ પૂજનવિધી બાદ સતાવાર રીતે પરિક્રમા શરૂ કરવામાં આવી હતી. આ વર્ષે ભાવિકોનો ખુબ જ ઘસારો હોય પરિક્રમાના તમામ માર્ગો ઉપર ભાવિકોની સંખ્યામાં ઉતરોતર વધારો જોવા મળ્યો હતો. એક તકે તો પગ મુકવાની પણ જગ્યા ન હોય તેવા સંજોગો સર્જાયા હતા. શ્રધ્ધાપુર્વક અને આસ્થા પુર્વક આવેલા લાખો પરિક્રમાર્થીઓએ કઠીનાયો વેઠીને પણ પરિક્રમામાં પુણ્યનું ભાથું બાંધ્યું હતું. એક તકે તો વ્યવસ્થા માટે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા અને પોલીસ ટીમોએ પરિક્રમાના રૂટ ઉપર તૈનાત રહેવું પડયું હતું. ગિરનારની લીલી પરિક્રમાના પાંચ દિવસના મેળા દરમ્યાન દિપડાનો હુમલો તેમજ કમોસમી વરસાદનો વિઘ્ન અને પરિક્રમાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડયો હતો. આ બંને બનાવોને બાદ કરતા એકંદરે ગિરનારજી મહારાજની કૃપાના કારણે પરિક્રમા પુર્ણ થઈ છે અને ભવનાથ ખાલીખમ્મ થયું છે. ગિરનારની લીલી પરિક્રમા દરમ્યાન ભાવિકોની સુખ-સુવિધા માટે જીલ્લા વહિવટી તંત્ર, મનપા તંત્ર, વન વિભાગ, પોલીસ તંત્ર તેમજ ધાર્મિક સ્થળો, સેવાકીય મંડળો, ઉતારા મંડળ તેમજ સેવાભાવી કાર્યકર્તાઓ દ્વારા મહત્વની કામગીરી કરી અને સેવાકાર્ય અને ફરજ બજાવી છે અને આ તમામને ધ્યાનવાદ આપવા ઘટે. ટુંકમાં પરિક્રમાનો મેળો શાંતિપુર્ણ રીતે સંપન્ન થયો છે.

## જૂનાગઢ અને સોરઠમાં ઠંડીની સાથે ભેજમય વાતાવરણ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

ગત રવિવારે જૂનાગઢ સહિ સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ તુટી પડયો હતો. જૂનાગઢ જીલ્લામાં ૧૩૮ મીમી કમોસમી વરસાદ નોંધાયો હતો. જેના પગલે ઠંડીનું જોર પણ વધ્યું હતું. આ સાથે જ ગઈકાલે વહેલી સવારથી આકાશમાંથી ઝાકળ વર્ષા શરૂ થઈ હતી અને દિવસ દરમ્યાન યથાવત રહી હતી. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવાની સાથે ઝાકળ વર્ષાનું આક્રમણ થવાથી શીત લહેર દોડી ગઈ હતી. આખો દિવસ વાતાવરણ ઠંડુગાર રહેતા લોકોને ગરમ વસ્ત્રો ધારણ કરવા પડયા હતા. આજે પણ ઠંડી અને ભેજમય વાતાવરણ રહ્યું છે. આજનું તાપમાન જોઈએ તો મેકસીમમ ૧૮.૦૮, મીનીમમ ૧૭.૦૮, ભેજનું પ્રમાણ ૯૮ ટકા અને પવનની ગતિ ૪.૪ રહી છે.

## દોલતપરા વિસ્તારમાં બે વર્ષના બાળકને દિપડાએ ઈજાગ્રસ્ત કરતા રાજકોટ સારવાર

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢના દોલતપરા વિસ્તારમાં ગઈકાલે સાંજે ૭ વાગ્યાના અરસામાં ફળીયામાં રમતા બે વર્ષના બાળકનો અચાનક આવી ચડેલા દિપડાએ મોઢામાં દબોચી અને ઉઠાવી જવા પ્રયાસ કર્યો હતો પરંતુ માતા-પિતાએ હિંમત દાખવી અને દિપડા સામે બાથ ભીડી અને બાળકને બચાવી લીધો હતો. દિપડાએ ઈજા પહોંચાડેલા આ બાળકને પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર માટે રાજકોટ ખાતે ખસેડવામાં આવેલ છે.

આ બનાવ અંગે મળતી વિગત અનુસાર જૂનાગઢના દોલતપરા વિસ્તારમાં કિરીટનગરમાં રહેતા સાહીદભાઈ ઉમરભાઈ સીડાએ જણાવ્યું કે, ગઈકાલે સાંજના સાતેક વાગ્યાના અરસામાં તેઓ ઘરે હતા અને તેઓનો બે વર્ષનો દિકરો આસીર ઘરની બહાર નીકળી ફળીયામાં રમતો હતો દરમ્યાન અચાનક તેના ઘરની પાંચ ફુટની વંડી ટપીને દિપડો આવ્યો અને આસીરને મોઢામાં દબોચી લીધો હતો અને મોઢામાં લઈને વંડી કુદવા જતો હતો ત્યારે સાહીદભાઈ અને તેના પત્નીએ તેના દિકરાને પગ ખેંચીને દિપડાના મોઢામાંથી બચાવી લીધો હતો. આ અરસામાં દિપડો વંડી કુદીને જંગલ તરફ ભાગી ગયો હતો.

દીપડાના હુમલામાં ઘાયલ આસીરને માથામાં પાછળનો આખો ભાગ દિપડાએ મોઢામાં દબોચી લેતા પાછળના વાળ સાથે આખી ચામડી ઉતારી લીધી હતી. જેને લઈને તાકીદે આસીરનો સારવાર માટે જૂનાગઢ સિવિલમાં લાવવામાં આવતા ફરજ ઉપરના તબીબોએ પ્રાથમિક સારવાર આપીને ત્વરીત માથાની સર્જરી કરવા રાજકોટ રીફર કરવો પડે તેવી સલાહ આપતા આસીરને રાજકોટ લઈ જવામાં આવેલ છે. ગઈકાલે સમી સાંજે રહેણાંક વિસ્તારમાં દિપડો ઘુસી આવ્યાની ઘટનાથી દોલતપરા વિસ્તારમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

## જૂનાગઢ જીલ્લામાં ઝેરી દવા પીવાથી ત્રણનાં મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટ)

જુનાગઢ તા. ૨૮

જૂનાગઢના મીરા નગરમાં આવેલ શિવાની પાર્કમાં રહેતા રાજેશભાઈ અંબાદાનભાઈ સુરુ ઉ. વ. ૫૯ નામના વૃદ્ધે સોમવારે ઝેરી દવા પી લેતા તેનું ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નીપજયું હતું.

તેમજ વિસાવદર તાલુકાના રબારીકા ગામે રહેતા રતિભાઈ મોહનભાઈ કરકર ઉ. વ. ૬૦એ ૨૫ નવેમ્બરના રોજ ભૂલથી ઝેરી દવા ગટગટાવી દેતા તેનું જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ ઉપરાંત માણાવદર તાલુકાના ખાંભલા ગામના રમાબેન ગોકળદાસ પનારા ઉ. વ. ૫૫ એ વાડીએ ઝેરી દવા પીવાથી જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આપઘાત પાછળનું કારણ અકબંધ રહેતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### અકસ્માત બાદ કાર ચાલક નાસી જતાં ફરિયાદ

જૂનાગઢ શહેરમાં દીપાંજલિ સોસાયટી પાછળ આવેલ પ્રમુખ નગરમાં રહેતા નિવૃત્ત પોલીસ ઈન્સ્પેકટર રામદેવભાઈ પોલાભાઈ ભેડા ઉ. વ. ૬૪ પોતાની દીકરીના લગ્ન હોવાથી બાઈક પર બેસીને દોલતપરા ખાતે સગા વહાલાને કંકોત્રી આપીને મજેવડી દરવાજાથી ખામધ્રોળ રોડ જઈ રહ્યા હતા ત્યારે પાછળથી પૂર પાટણ ઝડપે આવેલી સફેદ કલરની જીજે-૧-કેવાય-૫૫૫ નંબરની કારના ચાલકે રામદેભાઈને બાઈક સહિત હડફેટમાં લેતા હાથનાં ભાગે ઈજા પહોંચાડી હતી. આથી રામદેભાઈએ કાર ચાલકને પોતાની નિવૃત્ત પીઆઈ તરીકે ઓળખાણ આપતા કાર ચાલક તમારાથી થાય તે કરી લેજો તેમ કહીને કાર હંકારી નાસી ગયો હોવાની ફરિયાદ થતા બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી કારચાલકની શોધખોળાહાથ ધરી છે.

### ડુંગરપુર ગામે જુના મનદુઃખથી હુમલો

જૂનાગઢ તાલુકાનાં ડુંગરપુર ગામે રહેતા પોલિયોગ્રસ્ત યુવાન હુસેન નાથાભાઈ સોરઠીયા ઉ. વ. ૩૬નાં નાના ભાઈ રફીકનાં ઘર પાસે ઈકબાલ કારાભાઈ દારૂનો ધંધો કરતો હોય જે બાબતે આ ઈસમને હુસેને બે દિવસ અગાઉ ઠપકો આપ્યો હતો. જેનું મનદુઃખ રાખી ઈકબાલ કારાભાઈ તથા તેનો પુત્ર આસિફ તેમજ શાહરૂખ મક્કા અને ટકકો મકરાણી સહિત ૪ શખ્સોએ ઉશ્કેરાઈ જઈને હુસેન સોરઠીયા પર પાઈપ, છરી વડે હુમલો કરી જમણા પગ તથા ડાબા હાથના ભાગે યુવાનને ઈજા પહોંચાડી બાદ યુવકના ઘરે જઈને તેની પત્ની સાથે પણ માથાકુટ કર્યાની ફરિયાદ યુવાને કરતા તાલુકા પોલીસે ચારેય ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભેંસાણ તાલુકાના મોરવાડા ગામે રહેણાંક મકાનમાંથી ૭૯ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

ભેંસાણ પોલીસે ગઈકાલે ચોક્કસ બાતમીના આધારે મોરવાડા ગામે હરેશ ઉર્ફે હરીયો મનસુખભાઈ સરવૈયા (ઉ.વ.૩૦)ના રહેણાંક મકાને દારૂ અંગે દરોડો પાડતા બોટલ નંગ-૭૯ રૂા.૩૧,૬૦૦, મોબાઈલ ફોન વિગેરે મળી કુલ રૂા.૩૨,૬૦૦ના મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ત્યારે હાજર નહી મળી આવેલ આ દારૂ આપી જનાર ખાખરા હડમતીયા ગામના વિરૂભાઈ દરબાર સામે ગુનો દાખલ કરેલ છે અને ભેંસાણ વધુ તપાસ ચલાવી રહી છે.

## બિલખામાં કાઠી સમાજની વાડીનું નિર્માણ કાર્ય પૂર્ણ થતા સંતો-મહંતોની હાજરીમાં ભવ્ય લોકાર્પણ થયું




(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા.૨૮

બિલખામાં છેલ્લા છ માસથી કાઠી સમાજની વાડીન નિર્માણનું કાર્ય પુર જોશથી ચાલી રહ્યું હતું. સમાજની આ વાડી બનાવવા માટે કાઠી સમાજના તમામ લોકોએ ખોબલે-ખોબલે પુષ્કળ દાન આપ્યું હતું. જ્ઞાતિના તમામ આગેવાનો અને યુવાનોની સતત દેખરેખ હેઠળ કામ ચાલતું હતું. જે ભવ્ય રીતે પુર્ણ થતા ગત તા.૨૫-૧૧ને શનિવારના પૂજય મહંત મુકતાનંદજી બાપુ અને અન્ય સંતોની ઉપસ્થિતિમાં ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ દિવસે સવારે ૯ કલાકે ભૂમિ પૂજન કરવામાં આવેલ બાદમાં ૧૧ કલાકે સતં-મહંતોના ભવ્ય સમૈયા કરવામાં આવ્યા હતા.

બાદમાં બપોરે ૧૨:૩૦ કલાકે સમુહ પ્રસદનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાઠી સમાજની વાડીના ભવ્ય નિર્માણથી લઈને લોકાર્પણ સુધી જ્ઞાતિના આગેવાનો, વડીલોએ અને યુવાનોએ ખંતથી મહેનત કરી આ ભગીરથ કાર્યને સફળ બનાવેલ છે. સૌથી વિશેષ આજના દિવસે સમગ્ર વિશ્વના કલ્યાણ માટે સંતોની હાજરીમાં ભવ્ય શાંતિ હવન(યજ્ઞ) પણ કરવામાં આવ્યો હતો.

## જૂનાગઢમાં પરિક્રમાના અન્નક્ષેત્રમાં પોલીસકર્મી ઉમેશભાઈ દંપતિની અનોખી સેવા




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ ભવનાથ પોલીસ સ્ટેશન સામે આવેલ રવિ રાંદલ આશ્રમ હર હર ગંગે અન્નક્ષેત્રમાં પેરોલ ફર્લો સ્કવોડમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા ઉમેશભાઈ મહેશભાઈ વેગડા અને તેમના ધર્મપત્ની કૈલાશબેન વેગડા કે જેઓ ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ છે.

આ દંપતી દ્વારા શિવરાત્રી અને પરિક્રમા દરમ્યાન સતત આઠવાડીયા સુધી અન્નક્ષેત્રમાં સેવા આપવામાં આવે છે. પોલીસ ખાતામાં પોતાની ફરજ આપવામાં આવે છે. પોલીસ ખાતામાં પોતાની ફરજ બજાવતા વધારાના સમયમાં ઉમેશભાઈ અન્નક્ષેત્રમાં ભોજન પણ પિરસે છે. આમ આ દંપતી લોકોને સેવાની અનોખી રાહ ચિંધે છે.


ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા....
● બેરોજગારોનાં ઉકેલનો વિકલ્પ ડાયમંડ ઉદ્યોગ...
● હજારો બેરોજગારોને રોજગારી...
● વિશ્વાસ, વફાદારી અને પ્રમાણિકતાનો મુખ્ય ધ્યેય
જૂનાગઢ ડાયમંડ એસોસીએશન
હરિકૃષ્ણા કોમ્પ્લેક્ષ, બીજો માળ, આંબાવાડી, જોષીપુરા, જૂનાગઢ. ફોન : ૨૬૩૨૭૧૬
વિનુભાઈ ઝાલાવાડીયા મંત્રી | વિજયભાઈ રાણપરીયા પ્રેસીડેન્ટ



ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૯૯૬૮
નક્ષત્ર – જયોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.